॥ શ્રી પરમાત્માને નમઃ ॥

શ્રીમદ્ વીરવિજયજીમહારાજકૃત

નવાણું પ્રકારની પૂજા.

[અર્થ સહિત]

તથા સ્નાન પૂજા વિધિ સહિત.

પ્રકાશક,

શ્રી મુક્તિવિમલ જૈન પાઠશાળાના માસ્તર ઉમેદચંદ રાયચંદ.

ઠે. પાંજરાપોળ—અમદાવાદ.

વીર સંવત ૨૪૪૯. વી. સં. ૧૯૭૯. સને ૧૯૨૩.

આ "સત્યપ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસમાં મુળચંદભાઇ ત્રીકમલાલે છાપ્યું. ઠે. કાળુપુર ટંકશાળ—અમદાવાદ.

કીંમત ૦-૮-૦.

॥ શ્રી પરમાત્માને નમઃ ॥

શ્રીમદ્ વીરવિજયજીમહારાજકૃત

શ્રી

નવાણું પ્રકારની
પૂજા.

[અર્થ સહિત]

તથા સ્નાત્ર પૂજા વિધિ સહિત.

પ્રકાશક,

શ્રી મુક્તિવિમળ જૈન પાઠશાળાના
માસ્તર ઉમેદચંદ રાયચંદ,
ઠે. પાંજરાપોળ—અમદાવાદ.

વીર સંવત ૨૪૪૯. વી. સં. ૧૯૭૯. અને ૧૯૨૩.

ધી "સૂર્યપ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસમાં મુળચંદભાઈ ત્રીકમલાલે
છાપ્યું. ઠે. મહુપુર ઢંઢાળ—અમદાવાદ.

કીંમત ૦-૮-૦.

નિવેદન.

આ દુઃષમકાળમાં જિનાગમ અને જિનબિંબ એ પ્રાણીઓને મુક્તિમાર્ગનું વિશિષ્ટ અવલંબન હોવાથી ગુર્જર કવિઓએ ગુર્જરી-ગિરામાં પ્રભુની ભક્તિમાં ઉત્તમ પ્રકારે પ્રાણીઓને જોડવાના શુભ આશયથી (પૂજાઓ) બનાવેલી છે; તે પૈકી શ્રીમદ્ વીરવિજયજીકૃત નવાણું પ્રકારની પૂજા– જેમાં સિદ્ધાચળ તીર્થના અપૂર્વ મહિમાનું દિગ્દર્શન યથાસ્તિપણે છે. તે કર્તાનું ગહનજ્ઞાન, રસયુક્ત ચાતુર્ય અને અન્યને ભક્તિરસમાં ઝબોળવાનું સામર્થ્ય સૂચવે છે; એટલું તો ચોક્કસ લાગે છે કે, શ્રીમદ્ વીરવિજયજીએ એવા ઉત્તમ યોગમાં આ પૂજા બનાવી હશે, કે તે તે આલાપ કરનાર મનુષ્યના હૃદયને સંસ્કારી અને ઉન્નત બનાવે છે; આવા, ચતુર સાક્ષરોની દૃષ્ટિએ સામાન્ય તેમજ લઘુ લાગતા પરંતુ વસ્તુતઃ ભક્તિવડે મુક્તિ માર્ગના શીઘ્ર સાધનરૂપ આ પૂજાનું અતિશયપણું બહુમાન્ય થયેલું છે; એ જૈન પ્રજાને સુવિદિત છે. આવી એક ઉત્તમ પૂજાના અર્થની યથાશક્તિ યોજના શ્રીયુત ઝવેરભાઇના સુપુત્ર ફતેચંદે કરેલી; પ્રસંગોપાત્ત શ્રી આત્માનંદ સભાને આ ભાઇએ આર્થીક સહાય આપી છાપવા સોંપેલું તે સભા તરફથી આ પુસ્તક પ્રસિદ્ધિમાં આવેલું પ્રસંગોપાત અમારી સભા કે જે મુક્તિવિમલ જૈન પાઠશાળાવાળાને આ પુસ્તક જેમાં નવાણું પ્રકારની પૂજાઓ છે. તે વિદ્યાર્થીઓને ગાવામાં શીખવવામાં ઉપયોગી થાય અને સાથે તેજ મહાત્માની સ્નાત્ર પૂજા વિધિ સહિત દાખલ કરી છપાવવા વિચાર થયો જો કે આમાં કોઇની આર્થીક મદદ નથી જેથી તેની કીંમત રાખવામાં આવી છે. આ બુક ઘણી ઉપયોગી ધારી સર્વેને ભણવા ભણાવવાનો લાભ જાણી છપાવવામાં આવી છે તેમા જેકાંઇ દૃષ્ટિ દોષ અગર જીનાજ્ઞાવિરૂદ્ધ લખાઇ ગયું હોય તો તેની ક્ષમા ચાહી અત્રે વિરમું છે એજ સુજ્ઞેશુકીંબહુના.

લી૦ પ્રસિદ્ધ કર્તા.

ॐ

॥ શ્રી તીર્થાધિરાજાય નમઃ ॥

શ્રીમદ્ વીરવિજયજી કૃત.

નવાણું પ્રકારની પૂજા.

(અર્થ સહિત.)

॥ પ્રથમ પૂજા પ્રારંભ ॥

દોહા.

શ્રી શંખેશ્વર પાસજી, પ્રણમી શુભ ગુરૂ પાય ।
વિમલાચલ ગુણ ગાઈશું, સમરી શારદ માય ॥ ૧ ॥

અંતરંગ [૧]લક્ષ્મીને ભોગવનારા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીને નમસ્કાર કરી તેમજ શુભવિજયજી ગુરૂના ચરણ

---

૧ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ અનંત ચતુષ્ટય.

પ્રાયે એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહિ પાર ।
પ્રથમ જીણુંદ સમોસર્યાં, પૂર્વ નવાણું વાર ॥ ૨ ॥
અઢીય દ્વીપમાં એ સમો, તીર્થ નહિ ફલદાય ।
કલિયુગ કલ્પતરૂ વડો, મુક્તાફલશું વધાય ॥ ૩ ॥

કમળને પ્રણામ કરી અને સરસ્વતી માતાજીને સ્મરણ ગોચર કરી વિમલાચલ તીર્થનું ગુણગાન કરશું. (૧)

આ વિમલાચલ ગિરિ [૧]પ્રાયઃશાશ્વત છે; તેના મહિમાનો પાર નથી; અહીં આદીશ્વર પ્રભુ નવાણું [૨]પૂર્વ વખત આવીને સમોસર્યા છે (૨)

---

૨ શ્રીમદ્ વીરવિજયજીએ પ્રથમ ગાથામાં મંગલ અને અભિધેય ગ્રંથકર્તા (Author) ની શૈલીને અનુસરે દર્શાવેલું છે.

૧ પ્રાયઃ શાશ્વત કહેવાનું કારણ એ છે કે સૃષ્ટિમાં કેટલાક પદાર્થોનું અસ્તિત્વ નાબૂદ થઇ જાય છે તે અશાશ્વત કહેવાય છે; જો કે પરમાણુ રૂપે સર્વ પદાર્થ શાશ્વત છે પરંતુ કાર્ય રૂપે તપાસતાં કેટલાક પદાર્થો વિનાશી તેમજ અવિનાશી હોય છે. જેમકે શાશ્વત ચૈત્યો વિગેરેનું કાયમપણું હમેશને માટે (કાર્ય રૂપે) એકના એકજ સ્વરૂપમાં ટકી રહે છે; આ ગિરિનું કાયમપણું મૂળમાંથી અસ્તિત્વ વગરનું કદાપિ નહિ થવાનું હોવાને અંગે તેમજ લંબાઇ પહોળાઇમાં ઘટવધ થતી હોવાને અંગે ' પ્રાયઃ ' શબ્દ વાપરવામાં આવેલો છે.

૨ સીત્તેર લાખ છપ્પન હજાર ક્રોડ વર્ષનો એક પૂર્વ; નવાણું પૂર્વ એટલે ૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦૦૦૦ વખત શ્રી ઋષભદેવજી ફાલ્ગુન શુદી ૮ ની તિથિએ શ્રી સિદ્ધચળજી ઉપર સમવસર્યા—આમ હોઇને આ તીર્થનું બહુમાન પ્રસ્તુત તિથિએ વિખ્યાતિને પામેલું છે.

યાત્રા નવાણું જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ ।
પૂજા નવાણું પ્રકારની, રચતાં અવિચલ ધામ ॥ ૪ ॥
નવ કલશેં અભિષેક નવ, એમ એકાદશ વાર ।
પૂજાદીઠ શ્રીફલ પ્રમુખ, એમ નવાણું પ્રકાર ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ઝુંબખડાની દેશી ॥

યાત્રા નવાણું કરીએ સલુણા, કરીએ પંચ સનાત ॥ સુનંદા કે કંત નમો ॥ ગણણું લખ નવકાર ગણીજે, હોય અઠ્ઠમ છઠ્ઠ સાત ॥ સુ ॥ ૧ ॥

---

[3]અઢીદ્વીપમાં આ તીર્થ સદૃશ કોઈ પણ તીર્થ ઇષ્ટ ફળ આપવાના સામર્થ્યવાળું નથી; આ દુઃષમઃ કાળરૂપ [4]કલિયુગમાં શ્રેષ્ઠ કલ્પવૃક્ષ સમાન છે; આમ હોવાથી ભક્તિમાન્ મનુષ્યોએ સાચા મોતીથી આ તીર્થને [5]વધાવવું જોઇએ. (૩)

જે મનુષ્ય ઉત્તમ સંસ્કારને ધારણ કરી ઉત્કૃષ્ટ આત્મબળથી આ તીર્થની નવાણું વખત યાત્રા કરે છે તેમજ નવાણું પ્રકારની પૂજા આ ગિરિરાજ ઉપર વિધિપૂર્વક કરે છે તે શીઘ્ર મુક્તિપુરીને પ્રાપ્ત કરે છે. (૪)

---

૩ જંબુદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધરૂપ મનુષ્ય લોક

૪ વ્યવહારમાં અન્યદર્શનથી મનાતા કલિયુગરૂપે આ પંચમ આરાની ઘટના કરી છે.

૫ પ્રસ્તુત કાર્યગિરિરાજની ભક્તિ કરનાર માટે સૌથી પ્રથમ આદરભાવનું સૂચક છે અને તે આદરભાવ પ્રકટવાનું એક સાધન છે.

૬ બીજી અને ત્રીજી ગાથામાં પ્રયોજન દર્શાવેલું છે.

રથયાત્રા પ્રદક્ષિણા દીજે, પૂજા નવાણું પ્રકાર ॥ સુ ॥
ધૂપ દીપ ફલ નિવેદ્ય મૂકી, નમીએ નામ હજાર ॥ સુ ॥ ૨ ॥
આઠ અધિક શત ટુંક ભલેરી, મહોટી તિહાં એકવીશ ॥ સુ ॥
શત્રુંજય ગિરિ ટુંક એ પહેલી, નામ નમો નિશદિશ ॥ સુ ॥ ૩ ॥

(પ્રસ્તુત પૂજાનું વિધિ દર્શન કરાવે છે.) નવાણું પ્રકારની પૂજા કરવા ઈચ્છનારે (આઠ [1]જાતિના) નવ કળશો પંચામૃતથી ભરી અગીયાર વખત નવ નવ અભિષેક પ્રભુને કરવા; તેમજ દરેક પૂજાની પૂર્ણાહુતિ સમયે શ્રીફળ વિગેરે અષ્ટ દ્રવ્યોથી પૂજા કરતાં જવું જેથી નવાણું પ્રકાર પરિપૂર્ણ થઇ—[2]રહેશે. (૫)

(કવિવર પ્રથમ નવાણું યાત્રાની વિધિ [3]સંક્ષિપ્તમાં દર્શાવતાં વદે છે) હે દેવાનુપ્રિય ! આ ગિરિરાજ ઉપર નવાણું યાત્રા કરનાર મનુષ્યે (તે પૂર્ણ થતાં સુધીમાં) [4]પાંચ સ્નાત્ર અવશ્ય કરવાં જોઇએ; એક લાખ નવકારનું ગણણું ગણવું જોઇએ; તેમજ બે અઠ્ઠમ અને સાત છઠ્ઠ અવશ્ય

---

૧ મૃત્તિકાના સુવર્ણના, રૂપાના, મણિરત્નના, સુવર્ણ રૂપાના, મણિ રૂપાના, મણિ સુવર્ણના અને સુવર્ણ રૂપા તથા મણિના

૨ ચોથી અને પાંચમી ગાથાવડે પૂર્વાપર સંબંધ દર્શાવેલો છે.

૩ આ વિધિ વિસ્તાર પૂર્વક આ પુસ્તકમા જુદી દર્શાવેલી છે.

૪ તળાટીએ ગિરિરાજની સન્મુખ, પ્રથમ દેરાસર શ્રી શાંતિનાથજીનું હોવાથી ત્યાં, રાયણવૃક્ષ નીચે ભગવંતની પાદુકા છે ત્યાં શ્રી પુંડરીક ગણધરની સામે અને તીર્થાધિરાજ શ્રી ઋષભદેવ પરમાત્માની સમીપે.

સહસ અધિક આઠ મુનિવર સાથે, બાહુબલિ શિવ ઠામ ॥ સુ ॥
બાહુબલિ ટુંક નામ એ બીજું, ત્રીજું મરૂદેવી નામ ॥સુ॥૪॥
પુંડરિક ગિરિ નામ એ ચોથું, પાંચ ક્રોડી મુનિ સિદ્ધ ॥સુ॥
પાંચમી ટુંક રૈવતગિરિ કહીએ તેણે એ નામ પ્રસિદ્ધ ॥સુ॥૫॥

કરવાં જોઈએઃ (આ પ્રકારે કરીને હે ભવ્ય પ્રાણિન્!) સુનંદા રાણીના પતિ શ્રી આદીશ્વર પ્રભુને પ્રણામ કર. (૧)

(વળી નવાણું યાત્રા કરનારે તે તીર્થસ્થાન ઉપર યથાશક્તિ) રથયાત્રા કરવી તથા નવાણું પ્રદક્ષિણા દેવી; ધુપ, દીપ, ફળ અને નિવેદ્યરૂપ પ્રભુની અગ્રપૂજા કરી નવાણું પ્રકારની પૂજા રચી તીર્થાધિરાજના [1]એક હજાર નામને ઉચ્ચાર પૂર્વક નમસ્કાર કરવો. (૨)

આ ગિરિરાજની [3]એકસોને આઠ ટુંક છે તેમા એ-

---

૧ આ હજાર નામો લભ્ય થઈ શકતા નથી. શ્રી મદ્ વીરવિજયજીએ પ્રમાણભૂત ગ્રંથને આધારે લખ્યું હશે પરંતુ તે ગ્રંથ લભ્ય થઈ શકતો નથી.

૨ આ પૂજામાં કર્તાએ ફક્ત નવાણું નામો દર્શાવેલા છે તે શિવાય લભ્ય થતા નવ નામો છેલ્લી પૂજાની ફુટનોટમાં છે. શ્રીમદ્ આ નામોને " ટુંક " કહે છે. અન્ય સ્થળે શત્રુંજયગિરિના ગુણનિષ્પન્ન નામો કહેલા છે.

૩ આ હવે પછી કહેવાતા એકવીશ નામો વિદ્યાપ્રવાદ પુર્વમાંથી ઉદ્ધરેલા શ્રી શત્રુંજય મહાતીર્થ કલ્પમાં છે. તે એકવીશ નામો પૈકી કેટલાક તો જુદા જુદા શિખરોના છે. બાકી પ્રથમના આઠ તેમજ બીજા પણ એકજ મૂળ શિખરના ગુણનિષ્પન્ન નામે જણાય છે કેટલાએક નામો ટુંક તરીકે દેખાય છે; અને કેટલાક તી-

વિમલાચલ સિદ્ધરાજ ભગીરથ, પ્રણમીજે સિદ્ધક્ષેત્ર ॥ સુ ॥
છરી પાલી એણે ગિરિ આવી, કરીએ જન્મ પવિત્ર ॥સુ॥૮॥

કવીશ ટુંક મ્હોટી છે. પહેલી '[૪]શત્રુંજયગિરિ ' એ નામની ટુંક છે તેને પ્રતિદિન પ્રણામ કરો. (૩)

એક હજારને આઠ મુનિવરો સાથે [૧]બાહુબલિજી અત્ર મુક્તિ પામ્યા તે ઉપરથી બીજી ટુંકનું નામ ' બાહુબલી ' પડેલું છે; ત્રીજી ટુંકનું નામ ' [૨]મરૂદેવી ' છે. (૪)

પાંચ ક્રોડ મુનિઓની સાથે '[૩]પુંડરીક ' ગણધર સિદ્ધિ પામેલા હોવાથી ચોથી ટુંક 'પુંડરીક [૪]ગિરિ' છે અને પાં-

---

ર્થના અપરનામો તરીકે દેખાય છે; પાઠાંતરો જુદા જુદા હોવાથી વિવાદસ્થળમાં ઉતરવું ઉચિત નથી.

૪ શુકરાજ ના દ્રવ્ય અને ભાવ શત્રુઓનો આ ગિરિરાજના પસાયથી વિંનાશ થવાથી પ્રસ્તુત નાંમ વિખ્યાતિને પામેલું છે; આ સંબંધી સંક્ષિપ્ત કથા આગળ ઉપર આપવામાં આવેલી છે

૧ ઋષભદેવજીની સુમંગલા નામે રાણીની કુક્ષિએ ઉત્પન્ન થયેલ પુત્ર.

૨ ઋષભદેવ પ્રભુની માતાજી ' મરૂદેવી ' નું ચૈત્ય કરાવી તેમાં હસ્તી ઉપર બેઠેલા—મુક્તિ પામેલા મરૂદેવી માતાની મૂર્તિ પધરાવવાથી ' મરૂદેવી ' ટુંક પ્રકટ રૂપ છે. આનો મહિમા માહા શુદ ૧૫ મે કરવાનો શત્રુંજય માહાત્મ્યમાં ઉલ્લેખ છે.

૩ ઋષભદેવજીના પૌત્ર અને પછીથી આદ્ય ગણધર. તેઓ ચૈત્ર શુદી ૧૫મે અહીં સિદ્ધિપદને પામ્યા છે.

૪ ગિરનાર પર્વત અથવા ઉજ્જયંત. આ ટુંકનું માન પહેલે આરે છત્રીશ યોજન. બીજે વીશ, અને ત્રીજે ૧૬, ચોથે દશ હતું, પાંચમે બે યોજન છે અને છઠ્ઠે સો ધનુષ્ય રહેશે.

પૂજાએ પ્રભુ રીજવું રે, સાધું કાર્ય અનેક ॥ સુ.॥
શ્રી શુભવીર હૃદયમાં વસજો, અલબેલા ઘડી એક ॥ સુ ॥ ૭॥

ચમી ટુંકનું નામ ' રૈવત ગિરિ ' છે જે જનસમૂહમાં પ્રસિદ્ધ છે. (૫)

બીજા નામો આ પ્રકારે છે. (૬) વિમલાચલ (૭) સિદ્ધરાજ (૮)ભગીરથ (૯) સિદ્ધક્ષેત્ર; આ મહાન્ તિર્થ તરફ ' છ ' ' રી* 'નું પાલન કરતાં આવવું: (દશ દષ્ટાંતે દુર્લભ) મનુષ્ય જન્મને (આવા પુષ્ટાલંબનથી) પવિત્ર કરવો. (૬)

આ પ્રકારે પૂજા કરી પ્રભુને [1]સંતોષ ઉપજાવી અનેક (ઇષ્ટ)કાર્યોને સફળ કરીશ; હે અંતરંગ લક્ષ્મીવાન્ ! કર્મ-વિજય વીર ! હે મનોહર મૂર્તિ ! આ [2]હૃદયમાં એક ઘડી અવશ્ય પધારજો. (૭)

---

* (૧) સચિત્ત વસ્તુનો સર્વથા ત્યાગ કરવો (૨) દરરોજ એકાશન કરવું (૩) ગુરૂ મહારાજની સાથે પાદચારી થવું (૪) ભૂમિપર સૂવું—ઢોલીયાપર ન સુવું (૫(કાયાથી બ્રહ્મચર્ય પાળવું (૬) ઉભય ટંક અવશ્ય પ્રતિક્રમણ કરવું.

૧ નિરાગી પ્રભુને સંતોષ ઉપજાવવા એ નિશ્ચય દૃષ્ટિએ પ્રતિકૂળપણું છે છતાં વ્યવહાર દૃષ્ટિએ સ્તુતિ કરનાર પોતાના ચિત્તની પ્રસન્નતાનો અનુભવ કરતો હોવાથી પ્રભુને ધ્યાન ગોચર કરવા એ પ્રભુની મીઠી દૃષ્ટિ હોય તોજ બની શકે તેમ માને છે અને તેથીજ વ્યવહાર દૃષ્ટિ એનિશ્ચય દૃષ્ટિનું સાધન હોઈ યુક્તિ યુક્ત છે. તેથીજ અધ્યાત્મદૃષ્ટિ શ્રીમદ્ આનંદઘનજી વદે છે કે ' ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યું રે. '

૨ હૃદયમાં પધારવાનું પ્રભુને નિમંત્રણ કરવામાં આવ્યું તે

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિત વૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલ નામકં, ઋષભ મુખ્ય જીનાંઘ્રિ પવિત્રિતમ્।
હૃદિનિવેશ્ય જલૈ જિંન પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્॥૧॥

કાવ્યાર્થ.

ઋષભ વિગેરે (તેવીશ) જિનેશ્વરોના ચરણુકમળથી પુનિત થયેલા વિમલાચલ નામના ગિરિવરને હૃદયને વિષે સ્થાપન કરી અનેક પ્રકારના સુગંધી જલ વડે જિનપૂજન કરી હું પોતાના આત્માને નિર્મળ કરૂં છું. (૧)

પોતાનું શુભ ભાવનાથી રંગિતપણું સૂચવે છે; કેમકે ક્ષેત્ર શુદ્ધ કર્યા પછીજ અતિથિનો સત્કાર કરવો ઇષ્ઠ હોય છે.

॥ મંત્રઃ ॥

ૐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ કાવ્ય અને મંત્ર ઉભય પ્રત્યેક પૂજા દીઠ કહેવાં ॥

॥ ઇતિ પ્રથમ પૂજાભિષેકે ઉત્તર પૂજા ૯ સમાપ્ત ॥૧॥

॥ દ્વિતીયા પૂજા ॥

॥ દોહા ॥

એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાલ ।
કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તત્કાલ ॥ ૧ ॥

॥ ઢાલ ॥

(રાગ પૂર્વી—ઘડી ઘડી સાંભરો શાંતિ સલુણા)

ગિરિવર દરિસણ વિરલા પાવે,
પૂરવ સંચિત કર્મ ખપાવે ॥ ગિરિ ॥

ઋષભ જીનેશ્વર પૂજા રચાવે,
નવ નવ નામે ગિરિ ગુણ ગાવે ॥ ગિરિ ॥ ૧ ॥

આ ગિરિવરની સન્મુખ હૃદયના ભાવોલ્લાસથી જે મનુષ્યો એકેકું પગલું તે ગિરિવરને ભેટવાની ઉત્કંઠાથી ભરે છે તેમના પૂર્વજનિત હજારો કોટી ભવનાં પાપો ક્ષણવારમાં વિલય પામે છે. (૧)

સહસ્ત્રકમલ ને મુક્તિનિલયગિરિ,
સિદ્ધાચલ શતકૂટ કહાવે ॥ ગિરિ ॥

ઢંક કદંબને કોડિ નિવાસો,
લોહિત્ય તાલધ્વજ સુરગાવે ॥ ગિરિ ॥ ૨ ॥

ઢંકાદિક પંચકૂટ સજીવન,
સુર નર મુનિ મળી નામ થપાવે ॥ ગિરિ ॥

ઢાલના અર્થ.

(ભવોદધિ તરવા માટે સબળ આલંબનરૂપ આવા ગિરિરાજનું દર્શન વિરલ મનુષ્યોજ પામે છે; જેઓ અહીં ઋષભજિનેશ્વરની (વિવિધ પ્રકારે)પુજાની રચના કરે છે અને નવા નવા નામો વડે ગિરિરાજનું ગુણગાન કરે છે તેઓ પુર્વોપાર્જિત કર્મનો (શીઘ્ર) વિનાશ કરે છે. (૧)

[ગિરિરાજના નામો પ્રથમ પુજામાં કહેલા ઉપરાંત આ પુજામાં દર્શાવે છે.] (૧૦) [૧]સહસ્ત્રકમળ (૧૧) મુક્તિ નિલયગિરિ (૧૨) સિદ્ધાચળ (૧૩) શતકૂટ કહેવાય છે તેમજ (૧૪) ઢંક (૧૫) [૨]કદંબગિરિ ૧૬) કોટિ

---

૧ કાલિક મુનિ એક હજાર મુનિની સાથે સિદ્ધપદ પામ્યા તેથી સહસ્ત્રકમળગિરિ નામ પ્રચલિત છે.

૨ ગત ચોવીશીમાં બીજા તીર્થંકર નિર્વાણીના ગણધર કદંબ નામે આ તીર્થ પર સિદ્ધ થયેલા હોવાથી કદંબગિરિ.

રયણ ખાણ જડી બુટી ગુફાઓ,
રસ કૂપિકા ગુરૂઇંહાં બતાવે ॥ ગિર ॥ ૩ ॥

પણ પુણ્યવંતા પ્રાણી :પાવે,
પુણ્ય કારણ પ્રભુ પૂજા રચાવે ॥ ગિરિ ॥

કર્મકોટિ શ્રાવકને જમાડે,
જૈન તીર્થ યાત્રા કરી આવે ॥ ગિરિ ॥ ૪ ॥

---

[3]નિવાસ (૧૭) [4]લોહિત્ય અને (૧૮) [5]તાલધ્વજના નામથી દેવતાઓ આ ગિરિરાજને સ્તવે છે. (૨)

ટંક વિગેરે પાછળની પાંચ ટુંકો આ દુઃષમ કાળમાં પણ [6]મોજુદ છે; તે નામોનું દેવતાઓ, મુનિઓ અને મનુષ્યોએ સ્થાપન કરેલું છે; શાસ્ત્રાનુંસારે તેમજ) ગુરૂ પરંપરાથી પ્રચલિત હકીકત પ્રમાણે આ ગિરિરાજ ઉપર ર-

---

૩ કદંબગણધર સાથે એક ક્રોડ મુનિ સિદ્ધિપદ પામ્યા તેથી કોડિનિવાસ.

૪ હસ્તગિરિની પાસે ' લોચ ' એવા નામથી પરંપરાએ કહેવાતું લોહિત્ય સંભવે છે.

૫ તાલધ્વજ નામના યક્ષનું નિવાસસ્થાન હોવાથી હાલ એ ટુંક તળાજા શહેરની પાસે વિદ્યમાન છે.

૬ કદંબગિરિ અને તાલધ્વજ શિવાય બીજી ટુંકો અત્યારે પ્રસિદ્ધિમાં નથી.

તેથી એક મુનિ દાન દિયંતા,
લાભ ઘણો સિદ્ધાચલ થાવે ॥ ગિરિ ॥

ચંદ્રશેખર નિજ ભગિની ભોગી,
તે પણ એ ગિરિ મોક્ષે જાવે ॥ ગિરિ ॥ ૫ ॥

ચાર હત્યારા નરપરદારા,
દેવગુરૂ દ્રવ્ય ચોરી ખાવે ॥ ગિરિ ॥

ત્નોની ખાણો તેમજ અનેક પ્રકારની [૭] જડીબુટ્ટીઓ ગુફાઓમાં રહેલી છે તેમજ રસ [૮] કૂપિકાઓ સ્થળે સ્થળે ભરેલી પડી છે. (૩)

પરંતુ આ સર્વ સિદ્ધિઓને પુણ્યવંત પ્રાણીઓજ પ્રાપ્ત કરી શકે છે [શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંતો છે] અને પુણ્ય [૧] ઉત્પન્ન કરવાને માટે પ્રભુની પુજા રચે અને રચાવે છે. કોઇપણ મનુષ્ય દશક્રોડ શ્રાવકનો અતિથિ સંવિભાગ કરે, અને અનેક જૈન તીર્થોની યાત્રા કરી આવે; [૪]

તે કરતાં જે પુણ્ય ઉપાર્જન કરે તેથી આ સિદ્ધાચળ

---

૭ અંજન વિગેરેથી અદ્રસ્ય થવાની કળા જેથી પ્રાપ્ત થાય તે.

૮ જે રસ વડે ભમે તે વસ્તુ સુવર્ણ થઇ જાય તેની કુપીઓ.

૧ પુણ્ય પ્રકૃતિ ઉત્પન્ન કરવાનો હેતુ મનુષ્યોને દ્રવ્યાદિક અનુકૂલતા પ્રાપ્ત થયે તે દ્વારા દર્શન પ્રભાવના તેમજ તીર્થસ્થળ વિગેરે ક્ષેત્રોમાં વાપરવાના ઉપદેશ અર્થે અહીં સુચક છે.

ચૈત્રી કાર્તિકી પૂનમ યાત્રા,
તપ જપ ધ્યાનથી પાપ જલાવે ॥ ગિરિ ॥ ૬ ॥
ઋષભસેન જીન આદિ અસંખ્યા,
તીર્થંકર મુક્તિ સુખ પાવે ॥ ગિરિ ॥

તીર્થમાં એકજ મુનિને સુપાત્ર દાન આપતાં અનેક ગુણુ લાભ [૨]હાંસલ થાય;

[૧]ચંદ્રશેખર કે જેમણે પોતાની બહેનની સાથે ભોગ ભોગવી નિવિડ કર્મ ઉપાર્જન કર્યું હતું, તે પણ આ ગિરિરાજ ઉપર આવી (શુભ ધ્યાન વડે પશ્ચાતાપ પુર્વક કર્મ ખપાવી) મુક્તિ ગયેલા સુપસિદ્ધ છે. [૫]

---

૨ આ હકીકત કે જેમાં અન્ય જૈન તીર્થોની ગૌણુતા અને તીર્થની મુખ્યતા દર્શાવવામાં આવી છે તે અત્રે અન્ય તીર્થો કરતાં શુભ પરમાણુઓનો સંચય સવિશેષ પ્રમાણુમાં હોવાને અંગે તેમજ અનેક પરિચિત સંસ્કારોનું અત્ર નિશ્ચિતપણું કાયમ હોવાને અંગે છે; તેથીજ પૂર્વોક્ત પુણ્યનું ઉપાર્જન શાસ્ત્રમાં મધ્યમ ફૂલની અપેક્ષાએ કહેલું છે. ઉત્કૃષ્ટ યોગે તો આ તીર્થની ભક્તિ અંતર્ મુહુર્તમા કેવલજ્ઞાન ઉપજાવી શકે છે. આ ખાસ કરીને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવના ઉત્તમત્તાનો પ્રભાવ છે; આ સ્થળે સુપાત્રદાનનો પ્રભાવ પણુ ઉત્તમ ફ્લ ઉત્પન્ન કરી શકે છે તેમ દર્શાવવામાં આવ્યું છે.

૧ ચંદ્રપુરી નગરીમાં સોમચંદ્ર નામક રાજાની ભાનુમતી રાણીની કુક્ષિએ હેમવંત નામા ક્ષેત્રથી યુગલ (બે જીવ) સૌધર્મ દેવલોકે જઇ ત્યાં સુખ ભોગવી ચવી ઉત્પન્ન થયું; તેમના નામ ચંદ્રશેખર અને ચંદ્રાવતી રાખવામાં આવ્યા. પૂર્વ ભવના સ્નેહથી બંને ભાઈ બહેનને પરસ્પર કામરાગ બંધાયો. ચંદ્રવતીને યૌવનાવસ્થા

શિવ વધૂ વરવા મંડપ એ ગિરિ,
શ્રીશુભવીર વચન રસ ગાવે ॥ ગિરિ ॥ ૭ ॥

॥ કાવ્યં ગિરિવરં૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ જલાદિકં યજ૦ ॥ સ્વાહા ॥
॥ ઇતિ દ્વિતીયાભિષેક ઉત્તર પૂજા ૧૮ સમાપ્તા ॥ ૨ ॥

ગૌ. સ્ત્રી, બ્રાહ્મણ અને બાલકની હત્યા કરનારાઓ, પરસ્ત્રી લંપટ મનુષ્યો, અને જેઓએ દેવદ્રવ્ય, અને ગુરૂ-દ્રવ્યને ચોરી પોતાની ઉદરપુર્ણા તૃપ્ત કરેલી તેઓએ પણ આ ગિરિરાજના પ્રભાવથી તપ, જપ અને ધ્યાનથી પોતા-ના નિવિડ કર્મોને બાલીને ભસ્મીભૂત કરેલા છે. અહીં ચૈત્ર અને કાર્તિકની પુર્ણિમાની યાત્રાનો મોટો મહિમા છે.(૬)

માં આવતાંકમૃગધ્વજ રાજા સાથે પાણિગ્રહણ કરાવવામાં આવ્યું. યક્ષ પાશેથી વિદ્યા વડે પામેલા અદ્રષ્ટ અંજનથી પોતાની બહેનના સાસરે જઇ ગુપ્તરીતે ભગિની સાથે ચંદ્રશેખર ભોગ ભોગવે છે બંનેની સંગતીથી ચંદ્રાંક નામે પુત્ર થયો. આ પુત્રને જાત માત્રથી ચંદ્રશેખરે પોતાની સ્ત્રી યશોમતીનેઉછેરવા આપ્યો. યક્ષના પ્રભાવથી રાજાને ગર્ભની ખબર રહી નહોતી; યશોમતીના કહેવાથી મૃગધ્વજ રાજાને ખબર પડે છે અને સંસાર સ્વરૂપને ધિક્કારે છે: તેજ વખતે ચંદ્રશેખરના અંજનનો પ્રભાવ નષ્ટ થાય છે અને ચાલ્યું જવું પડે છે. પછીથી મૃગધ્વજના પુત્ર શુકરાજના સમાગમથી શ્રી શત્રુંજય ગિરિ ઉપર આવે છે, પૂર્વકૃત અનાચારનો અતિશય પશ્ચાતાપ કરે છે, છેવટે ઉત્તમ ધ્યાન ની ધારા વડે કેવલજ્ઞાન ઉપજાવી મુક્તિ પામે છે.

॥ તૃતીયા પૂજા ॥

॥ દોહા ॥

નેમિ વિના તેવીશ પ્રભુ, આવ્યા વિમલ ગિરીંદ ।
ભાવી ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણંદ ॥ ૧ ॥

॥ ઢાલ ॥ મનમોહન મેરે–એ દેશી ॥

ધન ધન તે જગ પ્રાણીઆ મન મોહન મેરે ॥
કરતા ભક્તિ પવિત્ર ॥ મ૦ ॥
પુણ્યરાશિ મહાબલ ગિરિ ॥ મ૦ ॥
૯૯ શક્તિ શતપત્ર ॥ મ૦ ॥ ૧ ॥

---

[૧]ઋષભસેન આદિ અસંખ્ય તીર્થંકરો અત્ર મુક્તિસુખ પામેલા છે; જ્ઞાન લક્ષ્મીવડે મનોહર વચનાતિશયવાન્ વીરપ્રભુ (પાંત્રીશ ગુણયુક્ત) વાણીવડે વદે છે કે 'આ ગિરિરાજ શિવવધુને વરવા માટે લગ્નમંડપ તુલ્ય છે. (૭)

આ ચોવીશીમાં બાવીશમા શ્રી નેમિનાથ પ્રભુ શિવાય સર્વ તીર્થંકરો આ વિમલગિરિ ઉપર આવીને સમવસર્યા છે; તેમજ આવતી ઉત્સર્પિણીની ચોવિશીમાં પણ [૨]પદ્મનાભાદિ જિનેંદ્રો અત્ર આવીને સમવસરશે.

---

૧ આ તીર્થંકર ઘણું કરીને ગત ચોવીશીમાં થયેલા સંભવે છે.

૨ શ્રેણિક રાજાનો જીવ–આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થવાના છે તે.

વિજયાનંદ વખાણીએ ॥ મ૦ ॥
ભદ્રંકર મહાપીઠ ॥ મ૦ ॥
સુરગિરિ મહાગિરિ પુણ્યથી ॥ મ૦ ॥
આજ મેં નજરે દીઠ ॥ મ૦ ॥ ૨ ॥
એંશી યોજન પ્રથમારકે ॥ મ૦ ॥
સિત્તેર સાઠ પચાશ ॥ મ૦ ॥

ઢાળના અર્થ

હે મનોમંદિરના સ્વામિન્! જગતનાં તે પ્રાણીઓને ધન્ય છે કે જેઓ આ ગિરિરાજની પવિત્ર મનથી ભક્તિ કરે છે! (આગળના અનુક્રમ સાથે મેળવી ગિરિરાજના અપર નામો દર્શાવે છે.) (૧૯) પુણ્યરાશિ (૨૦) મહાબલગિરિ (૨૧) દૃઢ શક્તિ અને (૨૨) શતપત્ર; (૧)

તથા (૨૩) વિજયાનંદ વિગેરે નામોવડે ગિરિરાજની સ્તવના કરવી જોઇએ તેમજ (૨૪) ભદ્રંકર (૨૫) મહાપીઠ (૨૬) સુરગિરિ અને (૨૭) મહાગિરિ વિગેરે નામોવાળા ગિરિરાજને ખરેખર પુર્વ પુણ્યના ઉદયથી આજે મેં પ્રત્યક્ષ દીઠો છે. (૨)

(આ ગિરિરાજનું પ્રાયઃ શાશ્વતપણું પ્રથમ બતાવ્યું તેને અંગે હકીકત દર્શાવતા શ્રીમદ કહે છે) આ અવ[1]સ-

---

૧ દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ કાલચક્રને ૬ ૭ આરાઓ હોય છે. તેના નામો; સુષમ સુષમા, સુષમા, સુષમ દુષમા, દુષમ સુષમા, દુષમા અને દુષમ દુષમા. આ ૭ આરાઓ

બાર યોજન સાત હાથનો ॥ મ૦ ॥ છઠ્ઠે પહોલો પ્રકાશ ॥ મ૦ ॥ ૩ ॥ પંચમ કાલે પામવો ॥ મ૦ ॥ દુલ્લહો પ્રભુ દેદાર ॥ મ૦ ॥ એકેંદ્રિય વિકલેંદ્રિમાં ॥ મ૦ ॥ કાઢયો અનંતો કાલ ॥ મ૦ ॥ ૪ ॥ પંચેંદ્રિય તિર્યંચમાં ॥ મ૦ ॥ નહીં સુખનો લવલેશ ॥ મ૦ ॥ ઘુણાક્ષર ન્યાયે લહ્યો ॥ મ૦ ॥ નરભવ ગુરૂ ઉપદેશ ॥ મ૦ ॥ ૫ ॥

ર્પિંના પ્રથમ આરામાં આ ગિરિ એંશી યોજનના વિસ્તાર-વાળો હતો (ત્યારપછી અનુક્રમે) બીજા, ત્રીજા, અને ચોથા આરામાં સિત્તર, સાઠ અને પચાસ યોજન પ્રમાણ હતો; (પ્રસ્તુત પાંચમા આરામાં—આ કાળમાં) બાર યોજનનો છે અને છઠ્ઠા આરામાં સાત હાથના વિસ્તારવાળો રહેશે (૩)

આ પંચમ આરામાં આ ગિરિરાજ ઉપર રહેલા આ-દીશ્વર પ્રભુની પ્રતિમાનું દર્શન પામવું અત્યંત દુર્લભ છે (તદનુસાર મનુષ્યભવની તેમજ દર્શનની દુર્લભતાને વિવ-રણ કરતાં કહે છે.) એકેંદ્રિય અને વિકલેંદ્રિયની જાતિઓમાં આ આત્માએ અનંતકાળ ગુમાવ્યો છે. (૪)

(ત્યાર પછીઅકામ નિર્જરાવડે ભવિતવ્યતાના પરિ-પાકથી ઉત્ક્રાંતિ થતાં) પંચેંદ્રિય તિર્યંચપણું પ્રાપ્ત કર્યું; ત્યાં-

---

અનુક્રમે ચાર કોટાકોટિ સાગરોપમ, ત્રણ કોટાકોટિ સાગરોપમ, બે કોટાકોટિ સાગરોપમ, એક કોટાકોટિ સાગરોપમમા બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન, એકવીશ હજાર અને એકવીશ હજાર વર્ષ કાલના પ્રમાણવાલા છે.

બહુશ્રુત ચરણની સેવના ॥ મ૦ ॥ વસ્તુ ધર્મ ઓળખાણ ॥ મ૦ ॥ આત્મસ્વરૂપ રમણે રમો॥ મ૦ ॥ ન કરે જુઠ ડફાણ ॥ મ૦ ॥ ૬ ॥ કારણે કારજ નીપજે ॥ મ૦ ॥ દ્રવ્ય તે ભાવ નિમિત્ત ॥ મ૦ ॥ નિમિત્ત વાસી આતમા

પણ લેશ માત્ર [૧]સુખ મળ્યું નહિ; તે પછી [૨]ઘુણાક્ષર ન્યાય વડે મનુષ્યભવ પામ્યો, અને (પુણ્યની પ્રબળતાથી) ગુરૂના ઉપદેશનું શ્રવણ કર્યું. (૫)

તદનુસાર ગીતાર્થોના ચરણકમળની સેવા કરી જેથી વસ્તુ સ્વરૂપ શું છે તેની સમજણ પડી; જેઓ આત્મસ્વરૂપમાં રમણતા કરે છે તેઓ (કીર્તિ અને પ્રશંસાની ડંફાશો-મિથ્યાભિમાન તથા લબાડીપણું કદી [૧]કરતા નથી. (૬)

---

૧ અત્ર અઢાર દોષરહિત તીર્થંકર પ્રભુના દર્શનથી થતા સુખની હકીકત છે; તે સુખ આર્યક્ષેત્રમાં મનુષ્યભવ શિવાય કોઇ સ્થાને યથાર્થ પ્રાપ્ત કરી શકાતું નથી. તેમાં પણ પ્રભુને વસ્તુ સ્વરૂપે-જિન પ્રતિમાને જિનેશ્વરરૂપે ઓળખવા તે મનુષ્ય ભવમાં પણ દુર્લભપણું છે; આવાજ વચનો શ્રીમદ્ આનંદઘનજી આ પ્રકારે કહે છે.

' એમ અનેક સ્થળે જાણીએ દર્શન વિણુ જિનદેવ '[ચંદ્ર પ્રભુનું સ્તવન]

૨ કાષ્ટની અંદર કીડો ઉત્પન્ન થાય છે અને તે સ્વચ્છંદપણે લાકડાને કોરી ખાતાં કાષ્ટની અંદર સ્વમેવ અક્ષરની આકૃતિ ઉત્પન્ન થાય છે તે સ્વાભાવિક હોવાથી તે દ્દષ્ટાંતે અહીં આત્માને ભવિતવ્યતા—નિયતાનો પરિપાક પ્રધાનભૂત ગણ્યો છે.

૧ આ વચનોથી શુષ્ક અધ્યાત્મીઓનો નિરાસ કર્યો છે; આત્મસ્વરૂપમા રમણ કરનારનો સ્વભાવ બહારનો દેખાવ સુંદર બતાવી

॥ મ૦ ॥ ભાવના ચંદન શીત ॥ મ૦ ॥ ૭ ॥ અન્વય વ્યતિરેકે કરી ॥ મ૦ ॥ જિન મુખ દર્શન રંગ ॥ મ૦ ॥ શ્રી શુભવીર સુખી સદા ॥મ૦॥ સાધક કિરિયા અસંગ ॥ મ૦ ૮॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ જલાદિકં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ તૃતીયાભિષેકે ઉત્તર પૂજા ૨૭ સમાપ્તા ॥

(હવે યુક્તિની ઘટના કરે છે) કારણવડે કાર્યની નિષ્પતિ થાય છે. તેમજ દ્રવ્યક્રિયા તે ભાવનું સાધન છે. આ આત્મા નિમિત્તને અનુકૂળ છે.(જેમકે) ભાવનાચંદન શીતલતા ઉપજાવે છે. (૭)

અંદરની પોલંપોલને ઢાંકી જગતની નજરે ઢાંકપીછોડો કરવાનો હોતો નથી; તેઓની જેવી આંતર સ્થિતિ હોય છે; તેઓને કીર્તિની લાલસા કે પ્રશંસાનો લોભ કદી હોતાજ નથી; તેઓ સ્વકર્તવ્યમાંજ સદા સાવધાન હોય છે.

૨ આત્માને સ્ફટિકમણિ સદૃશ કહેવામાં આવેલો છે; જેમ સ્ફટિકની આગળ જેવા રંગનું પુષ્પ મૂકવામાં આવે તેવા રંગનું તે દેખાય છે તેમ આત્માને જેવું નિમિત્ત મલે તેવી પરિણતિ નીપજે છે.

॥ ચતુર્થી પૂજા ॥

॥ દોહા ॥

શત્રુંજી નદી નાહીને, મુખ બાંધી મુખ કોશ ।
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ ॥ ૧ ॥

॥ ઢાલ ॥

॥ અને હારે વહાલાજી વાય છે વાંસલીરે ॥ એ દેશી ॥

અને હાંરે વહાલો વસે વિમલાચલેરે, જીહાં કુઆ ઉદ્ધાર અનંત ॥ વા૦ ॥ અ૦ ॥ વાહાલાથી નહિ વેગલારે, મુને વહાલો લાગે સુનંદાનો કંત ॥ વા૦ ॥ ૧ ॥ અ૦ ॥ આ અવ-

---

શ્રી જિનેશ્વર પ્રભુના મુખનું દર્શન અન્વય[૧] અને વ્યતિરેક[૨] વડે કરી આત્માનો ભક્તિરંગ બરાબર [૩]જમાવવો; શ્રીમદ્ વીરપરમાત્મા વદે છે કે લૈકિક ફળની અપેક્ષા વગર ક્રિયાનો:સાધક સર્વદા સુખી બને છે (૮)

ચતુર્થી પૂજાના અર્થ.

(શત્રુંજયગિરિની દક્ષિણ દિશામાં રહેલી *શત્રુંજયી

---

૧ જિનમુખ દર્શન કરવાને માટે તદનુકૂળ અનુષ્ઠાનો સેવવા તે અન્વય.

૨જિનમુખ દર્શન કરવાને માટે દર્શનના માર્ગમાં પ્રતિકૂળ વિઘ્નભૂત કારણોનું સેવન નહિ કરવું તે વ્યતિરેક.

૩ અન્વય અને વ્યતિરેકરૂપ ઉભય કોટિવડે જિનદર્શન યથાર્થ થઇ શકે છે અને પછીથી આત્મદ્રવ્ય સાથે અભેદપણું પ્રાપ્ત થઇ શકે છે.

* ગત ચોવીશમાં કેવલજ્ઞાની નામે પ્રથમ તીર્થંકર થયેલા

સર્પિણી કાલમાંરે, કરે ભરત પ્રથમ ઉદ્ધાર ॥ વા૦ ॥ અ૦ ॥ બીજો ઉદ્ધાર પાટ આઠમેરે, કરે દંડવીરજ ભૂપાલ ॥ વા૦ ॥ ॥ ૨ ॥ અ૦ ॥ સીમંધર વયણા સુણીરે, ત્રીજો કરે ઇશાનેંદ્ર ॥ વા૦ ॥ અ૦ ॥ સાગર એક કોડિ અંતરેરે, ચોથો ઉદ્ધાર

નામની નદીમાં સ્નાન કરી મુખ ઉપર (અષ્ટપડ મુક્ત) મુખકોશ કરી ચિત્તમાં ઉપજતી કલેશકારી વાસનાઓને ટાળી યુગાદિ જિનની પૂજા કરવી. (૧)

ઢાળના અર્થ.

['અને હાંરે' શબ્દ વડે કવિ પૂજાના રાગની પાદ-પૂર્તિ કરતાં ચતુર્થ પૂજાની શરૂઆત કરે છે.] મારા વહાલા પ્રભુ સિદ્ધાચળ ઉપર વસે છે જે સ્થાને અનંત [1]ઉદ્ધાર

તેમને સ્નાત્ર કરવા માટે ઇશાનેંદ્રે ગંગા નદી પ્રકટ કરી હતી; તે વૈતાઢ્ય પર્વતથી માંડીને આ પૃથ્વી ઉપર ગુપ્ત રીતે વહેતી હતી; પછી કેટલેક કાળે શત્રુંજયગિરિના પાસે આવવાથી ' શત્રુંજયી ' નામે પ્રસિદ્ધ થયેલ છે.

૧ કાલના પરિક્રમવડે દેરાસરો અને પ્રતિમાજી જીર્ણ થતાં દેરાસરો નવેસરથી કરવામાં આવે છે અને પ્રતિમાજીને ભંડારી કઇ નવી પ્રતિમાજીનું સ્થાપન કરવામાં આવે છે, તે ઉદ્ધાર. ખાસ કરીને નીચેના સ્થાને તે વખતે ઉદ્ધાર કરવામાં આવે છે અને મુખ્યત્વે તેજ ઉદ્ધાર તરીકે લેખાય છે. (A) મૂળનાયકજીનું ચૈત્ય અને પ્રતિમા.(B) પુંડરીકજીનું ચૈત્ય અને પ્રતિમા (C) રાયણ પાદુકાનું ચૈત્ય અને પગલાં (D) તીર્થાધિષ્ઠાયક યક્ષ અને દેવીની પ્રતિમા તેમજ બીજા દેરાસરો અને પ્રતિમાઓ જીર્ણ થઇ ગયા હોય તેને સુધારવામાં આવે છે.

માહેંદ્ર ॥ વા૦ ॥ ૩ ॥ આ૦ ॥ દશ કોડી વલી સાગરેરે, કરે પંચમ પંચમ ઇંદ્ર ॥ વા૦ ॥ આ૦ ॥ એક લાખ કોડિ સાગરેરે, ઉદ્ધાર કરે ચમરેંદ્ર ॥ વા૦ ॥ ૪ ॥ આ૦ ॥ ચક્રી સગરઉદ્ધાર તે સાતમોરે, આઠમો વ્યંતરેંદ્રનો સાર ॥ વા૦ ॥

થયા છે; અમે હવે પ્રભુની બહુ [2]દૂર નથી. કેમકે સુનંદા રાણીના પતિ મારા ચિત્તને અત્યંત વલ્લભ લાગે છે. (૧)

(આજ સુધી થયેલા ઉદ્ધારો દર્શાવતાં કહે છે) આ અવસર્પિણી કાળમાં સાથી પ્રથમ ઉદ્ધાર શ્રી [1]ભરતચક્રવર્તીએ કર્યો; તેમની આઠમી પાટે [2]દંડવીર્ય રાજા થયા તેમણે બીજો ઉદ્ધાર કર્યો. (૨)

શ્રી[3] સીમંધરસ્વામીના વચન સાંભળીને ત્રીજો ઉદ્ધાર

---

૨ કોઈપણ વસ્તુ હૃદયગત થયા પછી તેનો વિરહ રહેતો નથી. તેમજ અત્યારસુધી ચિત્તની મલિન વાસનાઓ અને કુદેવ ને દેવ તરીકે માનવાપણું-તે દૂર થતાં પ્રભુને હૃદયની અંદર ધારણ કરવામાં આવતાં વહાલા પ્રભુ હવે દૂર નથીજ.

૧ શ્રી ઋષભદેવ પ્રભુના આદ્ય પુત્ર અને આ ભરતક્ષેત્રના આદ્ય ચક્રવર્તી; તેમણે શક્રેંદ્રના કહેવાથી ચોરાશી મંડપવાળો ત્રૈલોક્યવિભ્રમ નામે પ્રસાદ કરાવ્યો.

૨ ભરતચક્રવર્તીથી આઠે પાટ સુધીના રાજાઓ તેમની જેમ આરિસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા હતા.

૩ મહાવિદેહ ક્ષેત્રમાં તે વખતના વિહરમાન તીર્થંકર.

॥ અ૦ ॥ તે અભિનંદન ચંદ્રપ્રભુ સમેરે, કરે ચંદ્રજસા ઉ-દ્ધાર ॥ વા૦ ॥ ૫ ॥ અ૦ ॥ નંદન શાંતિજીણંદનારે, ચક્રાયુધ દશમ ઉદ્ધાર ॥ વા૦ ॥ અ૦ ॥ અગીઆરમો રામચંદ્ર-

---

[૪]ઇશાનેંદ્રે કર્યો; એક ક્રોડ સાગરોપમ પછી [૫]મ.હેંદ્રે ચતુર્થ ઉદ્ધાર કર્યો. (૩)

દશ ક્રોડ સાગરોપમ પછી પંચમ દેવલોકના સ્વામીએ[૬] પાંચમો ઉદ્ધાર કર્યો અને એક લાખ ક્રોડ સાગરોપમ પછી ચમરેંદ્રે[૭] ઉદ્ધાર કર્યો. (૪)

સગર[૧] ચક્રવર્તીએ સાતમો ઉદ્ધાર કર્યો, આઠમો ઉ-દ્ધાર વ્યંતરદેવોના [૨]સ્વામીએ શ્રી અભિનંદન સ્વામીના વખતમાં કર્યો અને શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના તીર્થની વખતે [૩]ચંદ્રયશાએ (નવમો) ઉદ્ધાર કર્યો. (૫)

---

૪ બીજા દેવલોકના સ્વામી–તેમણે હસ્તિની દેવીના ઉપદ્રવનું નિવારણ કર્યું.

૫ ચોથા દેવલોકના સ્વામી.

૬ બ્રહ્મેંદ્ર.

૭ ભુવનપતિના ઈંદ્ર; એ વિધ્યાધર મુનિઓએ કહેલું શત્રુંજય મહાત્મ્ય સાંભળી ઉદ્ધાર કરાવ્યો,

૧ શ્રી અજિતનાથજીના કાકાના દીકરા ભાઇ.

૨ શ્રી અભિનંદન સ્વામિ એ તીર્થે પધારતાં તેમની દેશનામાં એ તીર્થનું માહાત્મ્ય સાંભળી કરાવ્યો.

૩ ચંદ્રપ્રભુજીના તીર્થમાં શ્રી ચંદ્રશેખર મુનિનો ઉપદેશ સાંભળીને તે મુનિના પુત્ર ચંદ્રયશાએ કરાવ્યો.

નોરે, બારમો પાંડવનો ઉદ્ધાર ॥ વા૦ ॥ ૬ ॥ અ૦ ॥ વીશ ક્રોડી મુની સાથે પાંડવારે, ઇંહા વરીઆ પદ મહાનંદ ॥વા૦॥ ॥ અ૦ ॥ મહાનંદ કર્મસૂડણુ કૈલાસ છે રે, પુષ્પદંત જયંત આનંદ ॥ વા૦ ॥ ૭ ॥ અ૦ ॥ શ્રીપદ હસ્તગિરિ શાશ્વતોરે,

---

દશમો ઉદ્ધાર શ્રી શાંતિનાથજીના પુત્ર ચક્રાયુધે કર્યો તેમજ અગીઆરમો [૪]રામચંદ્રજીએ કર્યો અને બારમો ઉદ્ધાર [૫]પાંચ પાંડવોએ રચ્યો. (૬)

(આ સિદ્ધક્ષેત્ર ઉપર) વીશ ક્રોડ મુનીઓની સાથે પાંડવો મુક્તિપદ પામ્યા; (અપર નામો) ૨૮ મહાનંદ (૨૯) કર્મસૂડણુ (૩૦) કૈલાસ (૩૧) પુષ્પદંત (૩૨) જયંત (૩૩) અને (૩૪) આનંદ એ રીતે છે (૭)

(૩૪)શ્રીપદ અને સદાકાળ સ્થાયી (૩૫) [૧]હસ્તગિરિ એ નામો ઉત્કૃષ્ટ[૨] નિધાનરૂપ છે; શ્રીમદ્ વીરપરમાત્માના આ સર્વ વચનો ઉપર ધ્યાન દઇ અત્યંત આદર કરો. (૮)

---

૪ આ મહા પુરૂષ મુનિસુવ્રત સ્વામિના તીર્થમાં દશરથ રાજાના પુત્ર અને બલદેવ હતા.

૫ ધર્મરાજા, અર્જુન, ભીમ, નકુલ અને સહદેવ—તેમણે સ્વ પિતા પાંડુ જે દેવ થએલા હતા તેમની સહાયવડે ઉદ્ધાર કર્યો.

૧ ભરતચક્રીના હસ્તિ વિગેરે આ તીર્થના મહિમાથી સ્વર્ગે ગયા તેમના ચૈત્યોને ભરતચક્રીએ એક શિખર ઉપર કરાવવાથી હસ્તગિરિ અથવા (પાઠાંતરે) હસ્તિસેન ગિરિ.

૨ જેમ સુવર્ણ રત્નાદિક ચરૂઓ પ્રાણીઓને હર્ષ માટે થાય છે; કેમકે જે જોઇયે તે તે દ્વારાપ્રાપ્ત કરી શકાય છે; તેમ આ

એ નામ તે પરમ નિધાન ॥ વા૦ ॥ અ૦ ॥ શ્રીશુભવીરની વાણીએરે, ધરી કાન કરો બહુમાન ॥ વા૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ગિરિવરં૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ જલાદિકં યજ૦ ॥ સ્વાહા ॥

ઇતિ ચતુર્થાભિષેકે ઉત્તર પૂજા ૩૬ સમાપ્ત. ॥ ૨ ॥

॥ પંચમી પૂજા ॥

॥ દોહા ॥

ચોથે આરે એ થયા, સવિ મોટા ઉદ્ધાર ।
સૂક્ષ્મ ઉદ્ધાર વચ્ચે થયા કહેતાં નાવે પાર ॥ ૧ ॥

॥ ઢાલ ॥ (તેજે તરણિથી વડોરે–એ દેશી.)

સંવત એક અઠલંતરેરે, જાવડશાનો ઉદ્ધાર ॥ ઉદ્ધરજો મુજ સાહિબારે. નાવે ફરી સંસાર ॥ હો જીનજી ॥ ભક્તિ હૃદયમાં

પૂર્વે કહેલા સર્વ મોટા ઉદ્ધારો ચોથાં આરામાં થયા છે; પરંતુ (એટલા બધા) સૂક્ષ્મ ઉદ્ધારો વચલા આંતરામાં થયા છે કે તેનો તો ગણતાં પાર આવે તેમ નથી. (૧)

ગિરિરાજના નામો વાસ્તવિક સુખને ઇચ્છતા પ્રાણીઓને તે શીઘ્ર આપી શકવાના સામર્થ્યવાળા છે,

ધારજોરે, અંતર વૈરી વારજોરે, તારજો દીનદયાળ ॥ ૧ ॥
વાહડ મંત્રીએ ચૌદમોરે, તીર્થે કર્યો ઉદ્ધાર ॥ બાર તેરોત્તર
વર્ષમાંરે, વંશ શ્રીમાલી સાર ॥ હો જીનજી ॥ ભક્તિ૦ ॥ ૨ ॥

ઢાળના અર્થ.

(વિક્રમ) સંવત ૧૦૮ માં [1]જાવડશા શેઠે (વજસ્વામીની સહાયતાથી તેરમો) ઉદ્ધાર કર્યો; હે પરમાત્મન્ ! મારો પણ તમો ઉદ્ધાર કરજો કે જેથી ફરીથી સંસારચક્રમાં પરિભ્રમણ ન પામું.

હે જિનેશ્વર ! 'મારી ભક્તિ [1] હૃદયમાં ધારણ કરજો; 'મારા અંતરંગ [2]શત્રુઓને દૂર કરજો ' હે કરૂણાસિંધુ ! મને આ ભવજલધિથી તારજો. (૧)

આ પવિત્ર તીર્થ ઉપર ચૌદમો ઉદ્ધાર શ્રીમાલી વંશમાં

---

૧ કાંપિલ્યપુર નગરના શ્રેષ્ટિ ભાવડના પુત્ર.

૧ અત્ર શંકા ઉપસ્થિત થવા યોગ્ય છે કે પ્રભુ મુક્તિમાં ગયેલા છે તેમને હૃદય ક્યાંથી હોઈ શકે ? તેમણે તો શારિરીક સંબંધ નિવાર્યો છે ? ઉત્તરમાં ભક્તિ–યોગ વાળા મનુષ્યો પ્રભુને અનેક પ્રકારે શુભ વિશેષણોથી સંબોધી શકે છે અને તે દ્વારા સ્વભક્તિ હૃદયમાં સ્થિર કરી પછીથી પ્રભુની સાથે અભેદવાદ પ્રાપ્ત કરે છે. શ્રીમદ્‌યશોવિજયજી પણ વદે છે કે, ' થાશું પ્રેમ બન્યો છે રાજ નિર્વહશો તો લેખે' અને તેથીજ તેઓશ્રી દૃષ્ટાંતદ્વારા પ્રભુના ભક્તિ–સંબોધનોનું ફળ દર્શાવતાં કહે છે કે '

> નિરાગી સેવે કાંઈ હોવે એમ મનમાં નવિઆણું,
> ફલે અચેતન જેમ સુરમણિ. તેમ તવ ભક્તિ પ્રમાણું.'

૨ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

સંવત તેર એકોતરે રે, સમરાશા ઓસવાલ ॥ ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતારે, પન્નરમો ઉદ્ધાર હો જીનજી ॥ ભક્તિ૦ ॥૩॥
પન્નરસેં સત્યાસીએરે, સોલમો એહ ઉદ્ધાર ॥ કર્માશાએ કરાવીઓરે, વરતે છે જય જયકાર હો જીનજી ॥ ભક્તિ૦ ॥ ૪ ॥
સૂરિ દુપ્પસહ ઉપદેશથીરે, વિમલ વાહન ભૂપાલ ॥ છેલ્લો

જન્મેલા [3]બાહડ નામના મંત્રીએ બારસેં તેરના વર્ષમાં કર્યો. (૨)

સંવત્ ૧૩૭૧ માં ઓસવાલ જ્ઞાતિના [1]સમરાશા શેઠ કે જેમનું દ્રવ્ય ન્યાયોપાર્જિત હતું, તેમણે શુદ્ધ વિધિ વડે પંદરમો ઉદ્ધાર કર્યો. (૩)

૧૫૮૭ ના વર્ષમાં [2]કર્માશાહ નામના શ્રેષ્ઠિએ (આ તીર્થાધિરાજનો પ્રત્યક્ષ અનુભવાતો) સોળમો ઉદ્ધાર કરાવ્યો છે; જે જયવંત વર્તે છે. (૪)

[3](ભવિષ્ય કાળમાં) દુપ્પસહસૂરિના ઉપદેશથી વિમ-

---

૩ કુમારપાળ રાજાના વખતમાં શ્રીમાલી જ્ઞાતિમાં થયેલા; હાલમાં જે જિન. મંદિર વિદ્યમાન છે તે આ મંત્રીશ્વરનું કરેલું છે એમ કહેવાય છે.

૧ ઓસવાલ જ્ઞાતિના એક ગૃહસ્થ અને રત્નાકરસૂરિના ભક્ત.

૨ આ પોરવાડ જ્ઞાતિના શ્રેષ્ટિ લગભગ બહાદુરશાહના વખતમાં થયા હોય તેમ સંભવે છે.

૩ આ અવસર્પિણીનાં સાડાઅઢાર હજાર વર્ષ સુમારે બાકી રહેલા એવા આ પાંચમા આરાને છેડે થોડા વર્ષ બાકી રહેશે તે વખતે ઉદ્ધાર થશે. તે આ અવસર્પિણીને માટે છેલ્લો સમજવો.

ઉદ્ધાર કરાવશેરે, સાસય ગિરિ ઉજમાલ હો જીનજી ॥ ભક્તિ૦ ॥ ૫ ॥ ભવ્યગિરિ સિદ્ધશેખરોરે, મહાજસ ને માલ્યવંત ॥ પૃથ્વીપીઠ દુઃખહર ગિરિરે, મુક્તિરાજ મણિકંત હો જીનજી ॥ ભક્તિ૦ ॥ ૬ ॥ મેરૂ મહીધર એ ગિરિરે, નામે સદા સુખ થાય ॥ શ્રી શુભવીરને ચિત્તથીરે, ઘડીય ન મેલણ જાય ॥ હો જીનજી ॥ ભક્તિ૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ જલાદિકં ય૦ સ્વાહા ॥

॥ ઇતિ પંચમાભિષેકે ઉત્તર પૂજા ૪૫ સમાપ્ત ॥

લવાહન નામે રાજા આ શાશ્વતગિરિનો છેલ્લો ઉદ્ધાર ભક્તિના સમૂહથી રંગાયલા હૃદય વડે કરશે. (૫)

(અનુક્રમાનુસાર નામો) (૩૭) ભવ્યગિરિ, (૩૮) સિદ્ધશેખર (૩૯) મહાયશ અને (૪૦) માલ્યવંત. (૪૧) પૃથ્વીપીઠ (૪૨) દુઃખહર ગિરિ (૪૩) મુક્તિરાજ (૪૪) મણિકાંત. (૬)

(૪૫) મેરૂમહીધર—આ સર્વ નામોથી સ્તવતાં પ્રાણીઓ સર્વદા સુખ પામે છે; આત્મિક આનંદ વડે વીરત્વ પ્રાપ્ત કરનાર પ્રભુને હૃદયથી ઘડી પણ અળગા મૂકી શકાય તેમ નથી; અર્થાત્ મારા હૃદયનું તેમણે ન તજી શકાય તેવું આકર્ષણ કરી લીધું છે. (૭)

આ સમય લોકો બે હાથ પ્રમાણ કાયાવાળા તથા ઉત્કૃષ્ટ વીશ વર્ષના આયુષ્યવાળા થશે.

॥ ષષ્ઠી પૂજા ॥

॥ દોહા ॥

સિદ્ધાચલ સિદ્ધિવર્યા, ગૃહી મુનિલિંગે અનંત ।
આગે અનંતા સીજશે, પૂજો ભવિ ભગવંત ॥ ૧ ॥

॥ ઢાલ ॥

(ચતુરમેં ચતુરી કોણ જગતકી મોહિની—એ દેશી)

સખરેમેં સખરી કોણ જગતકી મોહિની ॥ ઋષભ જિનંદકી પડિમા, જગતકી મોહિની ॥ રયણમેં મૂર્તિ ભરાઈ, જગતકી મોહિની ॥ હાંહાંરે ॥ જગ૦ ॥ પ્યારે લાલ જગતકી મોહિની ॥ એ ॥ આંકણી ॥ ભરતે ભરાઈ સોચ પ્રમાના લે કરી ॥

છઠ્ઠી પૂજાના અર્થ.

શ્રી સિદ્ધાચળ ગિરિ ઉપર અનંત પ્રાણીઓ ગૃહસ્થ-લિંગદ્વારા અને મુનિલિંગદ્વારા સિદ્ધિપદને પામેલા છે; ભવિષ્યકાળમાં પણ અનંત પ્રાણીઓ ત્યાં સિદ્ધ થશે; હે ભવ્ય પ્રાણીઓ ! યુગાદિ જિનની (ભાવ સહિત) પૂજા કરો. (૧)

આ જગતમાં ઉત્તમો ઉત્તમ શું છે ? કે જે પ્રાણીઓના હૃદયનું રંજન કરે છે ! (ખરેખર) ઋષભજિનેશ્વરની પ્રતિમા જગત્ (પ્રાણી માત્ર)નું આકર્ષણ કરી રહી છે તેથીજ જગતની મોહિની છે; એ 'જગત્ મોહિની રત્નમયી મૂર્તિ શ્રી ભરતચક્રવર્તીએ [1]દેહના પ્રમાણનુસાર આ કાંચનગિરિ

---

[1] પાંચસે ધનુષ્ય.

કાંચનગિરિએ બેઠાઈ દેખત દુનિયાં ઠરી ॥ હાંહાંરે દેખત૦ ॥ પ્યા૦ ॥ દેખ ॥ સખરે૦ ॥ ૧ ॥ સાતમોદ્ધારમેં ચક્રી સગર સુર ચિંતવી ॥ દુઃષમ કાલ વિચાર ગુફામેં જા ઠવી ॥ હાંહાંરે ગુફા૦ ॥ પ્યા૦ ॥ ગુ૦ ॥ દેવદેવી હરરોજ પૂજનકું આવતે ॥ પૂજાકા ઠાઠ બનાય સાંયું ગુણ ગાવતે ॥ હાંહાંરે સાંયું૦ ॥ ॥ પ્યા૦ ॥ સાયું ॥ ૨ ॥ સખરે૦ ॥ અપ્સરા ઘુંઘટ ખો-

---

ઉપર સ્થાપન કરી હતી જે જોઇને જગતના જીવોનું ચિત્ત બહિરંગ ઉપાધિઓથી વિરક્ત થઇ અત્ર ચિત્રવત્ સ્થિર થતું હતું. (૧)

[૨]સગર ચક્રવર્તીએ સાતમો ઉદ્ધાર કર્યો તે વખતે દેવતાઓએ ભવિષ્યના દુઃષમ કાળનો વિચાર કરી (તે રત્નમયી મૂર્તિને) *ગુફામાં સ્થાપન કરી દીધી;

ત્યાં દેવતાઓ અને દેવીઓ દરરોજ પૂજન માટે આવે છે અને આડંબર સાથે પૂજા રચી સ્વામીના ગુણગાન કરે છે. (૨)

---

૨ અજિતનાથ પ્રભુના કાકા સુમિત્રના પુત્ર—તેમને જહ્નુકુમારાદિ સાઠ હજાર પુત્રો હતા. તેઓએ અષ્ટાપદ પર્વતની ફરતી ખાઇ ખોદવાને માટે સમુદ્રમાંથી ગંગાનદીનો પ્રવાહ વાળ્યો; તે વખતે અધોલોકમાં નાગકુમાર દેવોને તે પાણીથી હરકત થતી હોવાને અંગે ક્રોધ ચડેલો; તેથી તે સર્વને ક્ષણવારમાં ભસ્મીભૂત કરેલા; લોકોક્તિમાં પણ ગંગાને આ ઉપરથીજ 'જાન્હવી' કહેવાય છે.

* બૃહત્ શત્રુંજયકલ્પમાં આ રીતે હકીકત છે—ચિલ્લણ તલાવડી સમીપે રહેલી (દેવતાધિષ્ઠિત) ગુફામાં પધરાવેલી ભરતરાજાએ કરાવેલી પ્રભુ—પ્રતિમાને ભેટનાર મહાપુરૂષ એકાવતારી

લકે, આગેં નાચતે ॥ ગીત ગાન ઔર તાન, ખડા હરિ દે-
ખતે ॥ હાંહાંરે ખડા૦ ॥ પ્યા૦ ॥ ખ૦ ॥ જીન ગુણ અમૃ-
તપાનસે મગન ભઈ ઘડી ॥ ઠમ ઠમ ઠમકે પાઉં, બલૈયાં લે
ખડી ॥ હાંહરિ બલૈ૦ ॥ પ્યા૦ ॥ બ૦ ॥ સખરે૦ ॥ ૩ ॥
યા રીત ભક્તિ મગન્નસેં, સુરસેવા કરે ॥ સુર સાન્નિધ્ય
નરદર્શન ભવ ત્રીજે તરે ॥ હાંહાંરે ભવ૦ ॥ પ્યા૦ ॥ ભ૦ ॥
પશ્ચિમ દિશિ સોવન્ન ગુફામેં માલ્હતે ॥ તીનેં કાંચનગિરિ
નામ ॥ કે દુનિયાં બોલતે ॥ હાંહારે કે દુનિયાં૦ ॥ પ્યા૦ ॥

(ગુફાના તે પવિત્ર સ્થળમાં) અપ્સરાઓ લજ્જાના ઘુંઘટાઓ ખોલીને પ્રભુની મૂર્તિ આગળ નૃત્ય કરે છે, અને ઇંદ્ર મહારાજા સાવધાન થઈને દેવદેવીઓના ગીત, ગાયનો, અને એકરસપણું નીરખે છે અને એમ માને છે કે જિનગુણરૂપી અમૃતરસનું પાન કરવાથી આજે આ ઘડી આનંદથી છલકાઇ ગઈ છે, ત્યાં નૃત્ય કરતી દેવીઓના (નપુરાદિના ધ્વનિથી) ઠમ ઠમ અવાજ કરતા પગો પડે છે અને ઉભી રહીને પ્રભુનાં ઓવારણાં લીએ છે. (૩)

આ રીતે ભક્તિમાં નિમગ્ન થયેલા દેવતાઓ પ્રભુની સેવા કરે છે; દેવ સહાયથી મનુષ્ય જો તેના દર્શન કરી

થાય છે; દધિફળ (કોઠાં) ના વૃક્ષ સમીપે અધખ્ખ દેવડીની નજદીકના ભાગમાં મોક્ષના દ્વાર જેવું તે સુવર્ણગુફાનું દ્વાર ઉઘાડી અષ્ટમ તપના આરાધનથી કપર્દી યક્ષ તે ગુફામાં પધરાવેલી ભરતચક્રીની ભરાવેલી પ્રતિમાના દર્શન કરાવે છે.

॥ દુ૦ ॥ સખરે ॥ ૪ ॥ આનંદઘર પુણ્યકંદ, જયાનંદ જાનીએ ॥ પાતાલમૂલ વિભાસ વિશાલ વખાનીએ હાંહાંરે ॥ ॥ વિશા૦ ॥ પ્યા૦ ॥ વિ૦ ॥ જગતારણ અકલંક એ તીરથ માનીએ ॥ શ્રી શુભવીર વિવેકે, પ્રભુકું પીછાનીએ ॥
॥ હાંહાંરે પ્રભુ૦ ॥ પ્યારે ॥ પ્ર૦ ॥ ૫ ॥ સખરે ॥

શકે તો ત્રીજે ભવે મુક્તિ પામે છે. પશ્ચિમ દિશાએ સુવર્ણગુફામાં આ મૂર્તિ વિરાજમાન હોવાથી જગત્માં આ ગિરિરાજનું ' કાંચનગિરિ ' એવુ નામ પ્રચલિત થયેલું છે. (૪)

[ગિરિરાજના અન્ય નામો] (૪૭) આનંદઘર (૪૮) પુણ્યકંદ (૪૯) જયાનંદ એ નામો પ્રસિદ્ધ છે, (૫૦) પાતાલમૂલ (૫૧) વિભાસ અને (૫૨) વિશાલ આ સર્વ નામોની સ્તુતિ કરો, (૫૩) જગતારણ અને (૫૪) અકલંક એ તીર્થનાં નામો હૃદયમાં ધારણ કરો. હે ભવ્ય પ્રાણીઓ ! જ્ઞાનલક્ષ્મીના તેજઃ પુંજવડે સુંદર લાગતા પરમાત્માને [1]ભેદાભેદયુક્ત ન્યાય ઘટનાથી (તાત્ત્વિક સ્વરૂપે) ઓળખો એમ શ્રી શુભવિજયજીના શિષ્ય વીરવિજયજી કહે છે. (૫)

---

૧ શ્રીમદ્ યશોવિજયજી નવપદજીની પૂજામાં વદે છે કે ' ભેદ છેદ કરી આતમા અરિહંત રૂપી થાય રે ' આનું નામ વિવેક છે. આ કર્મમળ યુક્ત આત્માથી પ્રભુનો નિર્મળ આત્મા ભિન્ન અને અલૌકિક સ્વરૂપવાળો હોવાથી પરમાત્મામાં અને પોતાનામાં ભેદ જેવાય છે અને પછી ક્રમશઃ ઉત્તમ સંસ્કારોના સતત પરિચયથી અંતરાત્માનું નિર્મળપણું પ્રાપ્ત થતાં પ્રભુનો આત્મા અને પોતાનો આત્મા એક સરખો ભાસે છે; આ અભેદપણું છે; આ રીતે ભેદાભેદની ન્યાયકોટિ એ વિવેક છે.

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ જલાદિકં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠાભિષેકે ઉત્તર પૂજા ૫૪ સમાપ્ત ॥

॥ સપ્તમી પૂજા ॥

॥ દોહા ॥

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડિ મુનિરાય ।
સાથે સિદ્ધિ વધૂ વર્યા, શત્રુંજય સુપસાય ॥ ૧ ॥

॥ ઢાલ ॥ (સહસાવનમાં એક દિન સ્વામી—એ દેશી)

આવ્યા છું આશભર્યારે, વાલાજી અમે આવ્યારે આશભર્યા ॥ એ આંકણી ॥ નમિપુત્રી ચોસઠ મલીને ઋષભ પાઉ પર્યા ॥ કરજોડી વિનયે પ્રભુ આગે; એમ વયણાં ઉચ્ચાર્યારે ॥વા૦॥૧॥

નમિ અને વિનમિ નામના [1]વિદ્યાધરો બે ક્રોડ મુનિરાજોની સાથે આ શત્રુંજયગિરિના પસાયથી સિદ્ધિરૂપ સ્ત્રીના પતિ થયા. (૧)

ઢાળના અર્થ.

હે પ્રિયતમ પ્રભો ! અમો આશાથી પરિપૂર્ણ હૃદયવાળા થઇને તમારી પાસે આવ્યા છીએ (આ પ્રકારે કહી

---

૧ ઋષભદેવજીના પાલક (Adopted) પુત્રો અને કચ્છ મહાકચ્છના પુત્રો; તેઓ ફાલ્ગુન શુદ ૧૦ મે સિદ્ધિપદ પામ્યા.

નમિ વિનમિ જે પુત્ર તમારા, રાજ્યભાગ વિસર્યા ॥ દીન-
દયાલે દીધા પામી, આજલગે વિચર્યારે ॥ વા૦ ॥ ૨ ॥
બાકી રાજ્ય ઉભગી પ્રભુ પાસે, આવે કાજ સર્યા ॥ અમે

કવિ અન્ય પ્રસ્તાવથી પૂજાની શરૂઆત કરે છે.) નમિરાજાની (કનકા અને ચર્ચાદિ) ચોસઠ પુત્રીઓ જ્યાં ઋષભદેવજી બીરાજે છે ત્યાં આવી તેમના ચરણમાં પ્રણામ કરી અંજલિ જોડીને વિનયપુરઃસર આ પ્રકારે *બોલે છે. (૧)

૧ નમિ અને વિનમિ જે તમારા (પાલક) પુત્રો હતા તેમને તમારા હસ્તથી તમોએ રાજ્યનો ભાગ વહેંચી આપ્યો નહોતો; (દીક્ષા લીધા પછીથી તમારી સેવા કરતાં ધરણેંદ્રે તુષ્ટમાન થઇને વાંછિત રાજ્ય આપવાથી) તમો કૃપાસિંધુના પસાયથી મળેલા રાજ્યનો તેઓએ ભોગવટો કર્યો. (૨)

---

* પ્રભુ•ા કેવળજ્ઞાન પામ્યા પછીની આ હકીકત છે.

૧ શ્રી ઋષભદેવજીએ જ્યારે પોતે રાજ્ય કરતા હતા ત્યાર પછી દીક્ષા લેવાના સમય નજીક આવવાથી પોતે પોતાના પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું. તે વખતે નમિ અને વિનમિ બંને બહુજ દૂર કાંઇ કાર્ય માટે ગયેલા હતા તે આવી પહોંચ્યા નહિ. પ્રભુએ દીક્ષા લીધી ત્યાર પછી તેમને ખબર પડી. તેઓ અયોધ્યામાં આવ્યા ને પ્રભુ પોતાને માટે કાંઇ રાજ ભાગ આપી ગયા છે ? એમ પૂછ્યું. ભરતચક્રીએ તેમને મનમાનતી રીતે રાજ્ય આપવા માંડ્યું, પરંતુ શ્રી પ્રભુના હસ્તથીજ લેવું એવો દૃઢ નિશ્ચય હતો જેથી જ્યાં શ્રી પ્રભુ કાયોત્સર્ગ સ્થાને હતા, ત્યાં આવી તેમની પાસે

પણ તાતજી કારજ સાધુ, સાન્નિધ્ય આપ કર્યાંરે ॥વા૦॥૩॥
એમ વદંતી પાગે ચઢંતી, અનશન ધ્યાન ધર્યાં ॥ કેવલ
પામી કર્મને વામી, જ્યોતિસેં જ્યોતિ મિલ્યારે ॥વા૦॥૪॥

(છેવટે તેઓએ સપ્તાંગ લક્ષ્મીરૂપ) બાહ્યરાજ્ય તજી વિરક્ત થઇ તમારી પ્રાસે આવી દીક્ષા લઇ સ્વહિત સાધ્યું; તેમ હે પિતામહ ! અમે પણ તમારા સમીપમાં આવ્યા છીએ તો અમારૂં કાર્ય પણ સિદ્ધ થશેજ. (૩)

આ પ્રકારે નમિપુત્રિઓ [2]બોલતી [આ ગિરિ [1]ઉપર આવી] ઉચ્ચતર ગુણસ્થાનકે ચઢતી અનશન કરી ધ્યાન નિમગ્ન થઇ (પરિણામે) કેવલજ્ઞાન પામી; કર્મસમૂહને નિવારી સિદ્ધ ભગવાનની અરૂપી જ્યોંતિસાથે પોતાની આત્મજ્યોતિનું અભેદપણું [2]પ્રાપ્ત કર્યું. (૪)

માગણી કરી; પરંતુ તેમને નિર્મમ હોવાથી મૌન રહેલા છે; ત્યાર પછી એક વર્ષ સુધી તેમની સેવા કરતાં તે ઉભય ઉપર ધરણેંદ્ર તુષ્ટમાન થયા અને તેમને અનેક વિદ્યાઓ સહિત વૈતાઢયનું રાજ્ય આપ્યું તેમણે ત્યાં જઇને બંને શ્રેણીમાં નગરો વસાવ્યાં. ત્યાર પછી અનુક્રમે ભોગાવલિ કર્મનો ક્ષય થતાં વિરક્ત થઇ બંને વિદ્યાધરોએ પ્રભુ પાસે દીક્ષા લીધી; છેવટે કેવળજ્ઞાન પામી મુક્તિમાં ગયા—તેને માટે નમિ પુત્રીઓ પ્રભુને સંબોધીને કહે છે.

૧ ' પાગ ' શબ્દ શત્રુંજયગિરિની પગથીનું પણ સૂચક હોય તેમ સંભવે છે.

૨ શ્રી શત્રુંજય મહાત્મ્યમાં નમિપુત્રીઓ સ્વર્ગે ગઇ તેમ ઉલ્લેખ છે; શ્રીમદ્ વીરવિજયજીએ અન્ય ગ્રંથને આધારે લખ્યું હશે તેમ લાગે છે; તત્ત્વ જ્ઞાની ગમ્ય સમજવું.

એક અવગાહને સિદ્ધ અનંતા, દ્રુગ ઉપયોગ વર્યા ॥ ફરસિત
દેશ પ્રદેશ અસંહિવત, ગુણાકાર કર્યારે ॥ વા૦ ॥ ૫ ॥
અકર્મક મહાતીરથ હેમગિરિ, અનંત શક્તિ ભર્યા ॥
પુરુષોત્તમને પર્વતરાજા, જ્યોતિરૂપ ધર્યારે ॥ વા૦ ॥ ૬ ॥

એક [3]અવગાહનામાં અનંત સિદ્ધના જીવો છે જેઓએ [4]કેવલજ્ઞાન અને [5]કેવલદર્શનરૂપ ઉપયોગ પ્રાપ્ત કરેલો છે;

તે અનંત જીવોની અવગાહનાના દેશ અને પ્રદેશોને સ્પર્શી રહેલા અસંખ્યગણા અનંત જીવો રહેલા છે. [૫]

(તીર્થાધિરાજના અપર નામો) [૫૫] અકર્મક [૫૬] મહાતીર્થ (૫૭) હેમગિરિ [૫૮] અનંત શક્તિ (વાસ્તવિક રીતે

---

૩ આ મનુષ્ય લોકમાં જેટલા શરીરનું પ્રમાણ હોય તેનાથી ⅔ ભાગે સિદ્ધ થયેલા જીવના આત્મપ્રદેશોની અવગાહના (space) સિદ્ધ શિલા ઉપર હોય છે. તેવી એક જીવની અવગાહનાને કલ્પતાં તેટલી જગ્યામાં બીજા અનંત જીવો અવગાહીને રહેલા છે. તે અનંત જીવોવાળી એક અવગાહનાના દેશ (મોટા વિભાગ) અને પ્રદેશ (અતિ સૂક્ષ્મ નિરવયવ વિભાગ) ને બીજી અવગાહનાવાળા સ્પર્શીત રહેલા જીવો અનંતને અસંખ્યના ગણિતે ગુણિએ તેટલી સંખ્યાવાળા છે; કેમકે જીવના પ્રદેશ અસંખ્ય હોવાથી અનંતગણા હોઇ શકે નહિ.

૪ એક સમયમાં ત્રણ જગતના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ જન્ય સર્વ ભાવોને વિશેષ પણે જાણી લેવા તે.

૫ એક સમયમાં ત્રણ જગતના ભૂત ભવિષ્ય અને વર્તમાન જન્ય સર્વ ભાવોને સામાન્યપણે જાણી લેવા તે.

વિલાસભદ્ર સુભદ્રએ નામે, સુણતાં ચિત્ત ઠર્યાં ॥
શ્રી શુભવીર પ્રભુ અભિષેકે, પાતક દૂર હર્યાંરે, ॥ વા૦ ॥ ૭ ॥

આત્માની અનંત શક્તિ ભરનાર–પ્રગટાવનાર છે) [૫૯] પુરૂષોતમ [૬૦] પર્વત રાજા અને [૬૧] જ્યોતિરૂપ—નામો ધારણ થયેલાં છે. (૬

(૬૨) વિલાસભદ્ર (૬૩) સુભદ્ર એ નામો શ્રવણ કરતાં હૃદયમાં શાંતિ પ્રકટે છે; સંયમ લક્ષ્મીને ધારણ કરતા શ્રી-મદ્ વીરવિજયજી વદે છે કે પ્રભુને અભિષેક કરતાં આપણાં પાપો પલાયન થાય છે. (૭)

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ જલાદિકં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ સપ્તમાભિષેકે ઉત્તર પૂજા ૬૩ સમાપ્ત ॥

॥ અષ્ટમી પૂજા ॥

॥ દોહા ॥

દ્રાવિડને વાલિખિલ્લજી, દશ કોડિ અણગાર ॥
સાથે સિદ્ધિ વધૂ વર્યા, વંદુ વારંવાર ॥ ૧ ॥

॥ ઢાલ ॥ (તોરણ આઇ કયું ચલેરે-એ દેશી.)

ભરતને પાટે ભૂપતિરે, સિદ્ધિ વર્યા એણે ઠાય ॥ સલૂણા ॥ અસંખ્યાતા તિહાં લગેરે, હુઆ અજિત જિનરાય ॥ સલૂણા ॥ ॥ ૧ ॥ જેમ જેમ એ ગિરિ ભેટીએરે, તેમ તેમ પાપ પલાય ॥ સ૦ ॥ અજિત જિનેશ્વર સાહિબોરે, ચોમાસું રહી જાય ॥ સ૦ ॥ જે૦ ॥ ૨ ॥ સાગર મુનિ એક કોડિશું રે, તોડયા

દ્રાવિડ [૧]અને વાલિખિલ્લજી દશક્રોડ મુનિઓની સાથે સિદ્ધિરૂપ સ્ત્રીના સ્વામી થયા તેમને હું પ્રત્યેક ક્ષણે પ્રણામ કરૂં છું.

ઢાલના અર્થ.

હે દેવાનુપ્રિય ! આ તીર્થાધિરાજ ઉપર ભરત ચક્રવર્તીની પાટે અસંખ્ય રાજાઓ જ્યાં સુધી અજિતજિનેશ્વર થયા ત્યાં સુધી થયેલા; તે સર્વ સિદ્ધિપદને પામેલા છે. (૧)

જેમ જેમ આ ગિરિને જુહારીએ તેમ તેમ અશુભ કર્મ દૂર થાય છે; શ્રી અજિતજિનેશ્વર અત્ર ચાતુર્માસ રહી ગયેલા છે. (૨)

---

૧ ભરતચક્રીના મોક્ષથી એક પૂર્વ ક્રોટિ પછી—ઋષભદેવજીના આ બંને પૌત્રો કારતક શુદ ૧૫ સિદ્ધિપદને પામ્યા.

કર્મના પાસ ॥ સ૦ ॥ પાંચ કોડિ મુનિરાજશું રે, ભરત લહ્યા શિવ વાસ. ॥ સ૦ ॥ જે૦ ॥ ૩ ॥ આદીશ્વર ઉપકારથીરે, સત્તર ક્રોડી સાથ ॥ સ૦ ॥ અજિતસેન સિદ્ધાચલેરે, ઝાલ્યો શિવ વધૂ હાથ ॥ સ૦ ॥ જે૦ ॥ ૪ ॥ અજિતનાથ મુનિ ચૈત્રનીરે, પૂનમે દશ હજાર ॥ સ૦ ॥ આદિત્યયશા મુક્તિ વર્યારે , એક લાખ અણગાર ॥ સ૦ ॥ જે૦ ॥ ૫ ॥ અજરામર ક્ષેમંકરૂરે, અમરકેતુ ગુણકંદ ॥ સ૦ ॥ સહસ્ર પત્ર શિવંકરૂરે, કર્મક્ષય તમઃકંદ ॥ સ૦ ॥ જે૦ ॥ ૬ ॥ રાજ-

---

અહીં *સાગરમુનિ એક ક્રોડ મુનિવરોની સાથે કર્મરૂપ બંધનથી મુક્ત થયા અને *ભરત રાજા પાંચ ક્રોડ મુનિઓની સાથે મુક્તિપદ પામ્યા. (૩)

(શ્રી આદીશ્વર પ્રભુ :વડે પ્રતિબોધ પામેલા)*અજિતસેન રાજાએ સત્તર ક્રોડ મુનિવરોની સાથે મુક્તિરૂપ સ્ત્રીની સાથે પાણિ ગ્રહણ કર્યું. (૪)

અજિતનાથ તિર્થંકર દશ હજાર મુનિઓની સાથે ચૈત્ર શુદ ૧૫ મે સિદ્ધિપદ પામ્યા; [1]સુર્યયશા (રાજર્ષિ) એક લાખ સાધુઓની સાથે મુક્તિ પામ્યા. (૫)

[અપર નામો] (૬૪) અજરામર (૬૫) ક્ષેમંકર (૬૬) અમરકેતુ (૬૭) ગુણકંદ (૬૮) સહસ્રપત્ર (૬૯) શિવંકર (૭૦) કર્મક્ષય અને (૭૧) તમઃકંદ છે. (૬)

---

* આ ત્રણ મહાનુભાવો કોણ હતા તે પ્રસિદ્ધિમાં આવ્યું નથી.
૧ ભરત ચક્રવર્તીના પુત્ર; એમનાથી સૂર્યવંશ પ્રચલિત થએલો છે.

રાજેશ્વર એ ગિરિરે, નામ છે મંગલ રૂપ ॥ સ૦ ॥ ગિરિવર રજ તરૂ મંજરીરે, શિશ ચડાવે ભૂપ ॥ સ૦ ॥ જે૦ ॥ ૭ ॥ દેવ યુગાદિ પૂજતાંરે, કર્મ હોયે ચકચૂર ॥ સ૦ ॥ શ્રી શુભ-વીરને સાહિબારે, રહેજો હઈડા હજૂર ॥ સ૦ ॥ જે૦ ॥ ૮ ॥

---

(૭૨) રાજરાજેશ્વર વિગેરે આ ગિરિના નામો [1]મંગલરૂપ છે; આ ગિરિરાજ ઉપર રહેલી રજ તથા વૃક્ષો-ની મંજરીઓને રાજાઓ પોતાના મસ્તક ઉપર ચડાવી બહુમાન કરે છે. (૭)

આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર પ્ર-ભુને પૂજતાં કર્મનો ચુરેચુરો થઇ જાય છે; હે સમર્થ પ્ર-ભો ! મારા હૃદયમંદિરમાં તમારો (નિરંતર) વાસ હજો.

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ જલાદિકં ય૦ સ્વાહા ॥

॥ ઇતિઅષ્ટમાભિષેકે ઉત્તર પૂજા ૭૨ સમાપ્તા. ॥

---

૧ મંગલ બે પ્રકારે છે. દ્રવ્ય અને ભાવ. દ્રવ્યમંગલથી વ્યાવ-હારિક સિદ્ધિઓ પ્રકટ થાય છે અને ભાવમંગલથી આત્મિક સિદ્ધિઓ પ્રકટે છે.

॥ નવમી પૂજા ॥

॥ દોહા ॥

રામ ભરત ત્રણ કોડિશું, કોડિમુનિ શ્રીસાર ॥
કોડિ સાડિ અઠ શિવ વર્યા, સાંબ પ્રધુમ્ન કુમાર ॥ ૧ ॥

॥ ઢાલ ॥ (ઉંચોને અલબેલોરે, કામણગારો કાનુડો—એ દેશી.)

સિદ્ધાચલ શિખરે દીવોરે, આદીશ્વર અલબેલો છે ॥ જાણે દ-

[આ ગિરિરાજ ઉપર] [૧]રામચંદ્રજી અને [૨]ભરત ત્રણ કોડ મુનિઓની સાથે, [૩]શ્રીસાર મુનિ કોડ મુનિઓની સાથે અને [૪]સાંબઅને પ્રધુમ્ન કુમાર સાડા આઠ કોડ મુનિઓની સાથે સિદ્ધિપદ પામ્યા છે.

શ્રી સિદ્ધાચલજીના શિખર ઉપર મનોહર મૂર્તિ શ્રી આદીશ્વર પ્રભુ (ખરેખર) અલૌકિક) [૫]દીપક તુલ્ય છેઃ—

---

૧ દશરથ રાજાના આદ્ય પુત્ર અને બલદેવ તેમજ અન્ય દર્શનમાં વિખ્યાત અસાધારણ પુરૂષ.

૨ દશરથ રાજાના ત્રીજા પુત્ર અને રામચંદ્રજીના બંધુ.

૩ આ મહર્ષિ કોણ હતા તે પ્રસિદ્ધિમાં આવી શક્યું નથી.

૪ શ્રી કૃષ્ણ વાસુદેવના પુત્રો. તેઓ ભાડવા ડુંગરનામા વિભાગ ઉપર સિદ્ધિપદ પામેલા છે [પાઠાંતરે] સહજાનંદનામના શિખર ઉપર સાડા ત્રણ કોડ મુનીઓ સાથે મુક્તિપદ પામ્યા છે. (જુઓ શત્રુંજય માહાત્મ્ય. પા. ૪૭૮)

૫ દીપકની ઉપમા એટલા માટે છે કે ત્યાં આવનાર પ્રાણીઓના મિથ્યાત્વવાસિત ગાઢ અંધકારવાળા હૃદયમાં પ્રકાશ પડે છે અને તેથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ જોઇ શકે છે.

ર્શન અમૃત પીવોરે ॥ આ૦ ॥ શિવ સોમયશાની લારેરે ॥ આ૦ ॥ તેર કોડી મુનિ પરિવારેરે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૧ ॥ કરે શિવસુંદરીનું આણુંરે ॥ આ૦ ॥ નારદજી લાખ એકાણુંરે ॥ આ૦ ॥ વસુદેવની નારી પ્રસિદ્ધિરે ॥ આ૦ ॥ પાંત્રીશ હજાર તે સિદ્ધિરે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૨ ॥ લખ બાવનને

તેમનું દર્શન કરવાથી જાણે નેત્રદ્વારા અમૃત પીવાનું હોયની ! તેમ લાગે છે. (કર્ત્તા અત્રે સિદ્ધિપદને પામેલા પ્રાણીઓને વિશેષપણે દર્શાવતા કહે છે) શ્રી [1]ચંદ્રયશા રાજર્ષિ તેર ક્રોડ મુનિવરોની સાથે સિદ્ધિપદને પામેલા છે. (૧)

[2]નારદ મુનિએ એકાણું લાખ મુનિઓની સાથે મુક્તિરૂપ [3]સ્ત્રીને તેડું કર્યું; [4]વસુદેવરાજાની પાંત્રીશ હજાર પ્રસિદ્ધ રાણીઓ અત્ર સિદ્ધિપદને પામી. (૨)

---

૧ બાહુબલિના પુત્ર; એમનાથી ચંદ્રવંશ પ્રચલિત થયેલો છે.

૨ પ્રત્યેક અવસર્પિણીમાં નવ વાસુદેવના સમયમાં નવ નારદ થાય છે. પ્રસ્તુત નારદ કોના વખતમાં થયા તે ઉલ્લેખ નથી.

૩ ' મુક્તિના ' સ્ત્રી–લક્ષ્મી વિગેરે પર્યાયો ખાસ કરીને પ્રાકૃત પ્રાણીઓના આ સંસારમાં સ્ત્રી અને લક્ષ્મી ઉપરના મોહને અંગે તેના અધિકાર–પાત્રતાને રૂચતી વચનરચના કરી સાનુકૂળ પ્રવૃત્તિમાં જોડવાને અર્થે કર્તાએ અત્ર વાપર્યા છે તેમજ અન્ય યોજકો પણ વાપરે છે.

૪ શ્રી કૃષ્ણવાસુદેવના પિતા વસુદેવ; તેને કુલ ૭૨૦૦૦ સ્ત્રીઓ હતી. પૂર્વતપના પ્રભાવથી સ્ત્રીવલ્લભ થયેલા હોવાથી ચક્રવર્તી કરતાં પણ તેને સ્ત્રી સંપદા વિશેષ પ્રાપ્ત થઇ હતી.

એક કોડિરે ॥ આ૦ ॥ પંચાવન સહસને જોડીરે ॥ આ૦ ॥ સાતસેં સત્યોતેર સાધુરે ॥ આ૦ ॥ પ્રભુ શાંતિ ચોમાસું કીધુંરે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૩ ॥ તવ એ વરીઆ શિવનારીરે ॥ આ૦ ॥ ચૌદ સહસ મુનિ દમિતારીરે ॥ આ૦ ॥ પ્રદ્યુમ્નપ્રિયા અચંભીરે, ચૌઆલીસસેં વૈદર્ભીરે ॥ આ૦ ॥ સિ૦ ॥ ॥ ૪ ॥ થાવચ્ચાપુત્ર હજારેરે ॥ આ૦ ॥ શુક પરિવ્રાજક એ

શ્રી શાંતિનાથ ભગવાનના અહીં થયેલા ચોમાસાના પ્રસંગે એક કોડ બાવન લાખ પંચાવન હજાર અને સાતસેં સત્યોતેર સાધુઓ અત્ર મુક્તિપદને પામ્યા. (૩)

*દમિતારિ મુનિ ચૌદહજાર મુનિઓની સાથે સિદ્ધિપદ પામ્યા.

+પ્રદ્યુમ્નની સ્ત્રી અચંભી અને ×વૈદર્ભી ચુમ્માળીશસેં મુનિઓની સાથે નિર્વાણપદ પામી (૪)

[1]થાવચ્ચા પુત્ર અને [2]શુકનામે તાપસ એ૨ એક હ

+આ ઉભય મહા સતીઓના ચરિત્રો પ્રસિદ્ધિમાં આવી શક્યા નથી

* દમિતારિ મુનિ પાંડવોના વખતમાં થયા છે.

૧ દ્વારકા નગરીમાં સ્થાપત્યા નામે સાર્થવાહીના પુત્ર; જેને બત્રીસ સ્ત્રીઓ હતી, પછીથી શ્રી નેમીનાથજી પાસે દીક્ષા લઇ ચૌદ પૂર્વધર થયા હતા.

૨ શુકાચાર્ય—થાવચ્ચા પુત્રથી પ્રતિબોધ પામેલા તાપસ—અત્ર જ્યેષ્ઠ શુદી ૧૫ મે સિદ્ધિપદ પામ્યા. એઓ પરિવ્રાજકની સંજ્ઞાથી ઓળખાતા હતા પણ મુનિપણું ગ્રહણ કરેલા હતા.

ધારેરે ॥ આ૦ ॥ સેલગ પણુસય વિખ્યાતેરે ॥ આ૦ ॥ સુભદ્ર મુનિ સયસાતેરે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૫ ॥ ભવતરીઆ તેણે ભવતારણરે ॥ આ૦ ॥ ગજચંદ્ર મહોદય કારણરે ॥ આ૦ ॥ સુરકાંત અચલ અભિનંદોરે ॥ આ૦ ॥ સુમતિ શ્રેષ્ઠાભય કંદોરે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૬ ॥ ઇહાં મોક્ષ ગયા કેઇ કોટિરે ॥ આ૦ ॥ અમને પણ આશા મોટીરે ॥ આ૦ ॥

જાર મુનિઓની સાથે સિદ્ધિપદ પામ્યા. [3]સેલગમુનિ પાંચશેં મુનિઓની સાથે

અને ×સુભદ્રમુનિ સાતસેં મુનિઓની સાથે (૫).

ભવસમુદ્રને તર્યા તેથી આ ગિરિરાજનું નામ (૭૩) ભવતારણ છે. (૭૪) ગજચંદ્ર (૭૫) મહોદયએ નામો (મુક્તિને માટે) આલંબનરૂપ છે. (૭૬) સુરકાંત (૭૮) સુમતિ (૭૯) શ્રેષ્ઠ અને (૮૦) અભયકંદ એ નામોની સ્તવના કરો (૬)

[પૂર્વોક્ત પ્રકારે] અત્ર અનેક ક્રોડની સંખ્યાવાળા મુનિઓ મોક્ષપદ પામ્યા છે. તો અમને પણ [તે હકીકત

---

૩ શુકાચાર્યથી પ્રતિબોધ પામેલા શૈલક નગરીના રાજા પછીથી શૈલકસૂરિ શુકાચાર્ય, થાવચ્ચા પુત્ર અને સેલક ત્રણે સમકાલીન હતા.

× આ મહર્ષિ કોણ હતા તે પ્રસિદ્ધિમાં આવી શક્યું નથી.

શ્રદ્ધા સંવેગે ભરીઆરે ॥ આ૦ ॥ મેં મોટા દરીઆ તરી-
આરે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૭ ॥ શ્રદ્ધા વિણ કુણ ઇંહાં આવેરે
॥ આ૦ ॥ લઘુજળમાં કેમ તે નાવે રે ॥ આ૦ ॥ તેણે હાથ
હવે પ્રભુ ઝાલો રે ॥ આ૦ ॥ શુભવીરને હઇડે વાહાલો રે
॥ આ૦ ॥ સિ૦ ॥ ૮ ॥

શ્રવણ કરીને] મોટી [1]આશાઓ ઉત્પન્ન થાય છે. શ્રદ્ધા અને મોક્ષની અભિલાષારૂપ કરીઆણાથી ભક્તિરૂપ [2]નૌકા ભરી તેમાં બેસી હું મહાસાગરને તરી ગયો છું. [૭]

શ્રદ્ધા વગર અહીં આવી તમારી ભક્તિ કરવાનો કોણ પ્રયાસ કરે ! એમ સમજી આપ મારી ઉપર વિશ્વાસ રાખશો. હવે અહીં સુધી આવ્યો, કીનારો નજીક છે પણ પાણી છીછરૂં થવાથી નૌકા તેમાં ચાલી શકતી નથી. આપ કીનારે ઉભા છો તો હવે મારો હાથ ઝાલો એટલે હું કીનારે આવી જઉં. શ્રીમદ્ વીરવિજયજી કહે છે કે, પ્રભો ! મારા હૃદયમાં તમો અત્યંત પ્રિય થઇ ગયેલા છો. (૮)

---

૧ જેમ કોઇ મનુષ્ય સૌંદર્ય જોઇને તેની અભિલાષાવાળો થાય તેમ અત્ર મુક્તિ ગયેલા મનુષ્યોની આવી અસાધારણ સંખ્યાઓ સાંભળતાં મને મુક્તિની અભિલાષારૂપ મોટી આશા ઉત્પન્ન થઇ છે.

૨ આ રૂપક આપીને કવિએ નીચેની રીતે વસ્તુદર્શન કરાવ્યું હોય તેમ સંભવે છે; સમ્યકત્વના મૂળરૂપ શ્રદ્ધા (આસ્તિક્યતા) અને મોક્ષની અભિલાષા છે આ ઉભય વસ્તુઓને આત્માનું કરીઆણું ગણવામાં આવ્યું છે, ભક્તિરૂપ નૌકામાં તે કરીઆણું ભરી તેમાં બેશી ચતુર્થ, પંચમ, ષષ્ઠ અને સપ્તમ ગુણસ્થાનકની પ્રાપ્તિવડે

॥ કાવ્યં ગિરિવરં૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ જલાદિકં યજા૦ ॥ સ્વાહા ॥

ઇતિ નવમાભિષેકે ઉત્તર પૂજા ૮૧ સમાપ્ત. ॥ ૨ ॥

॥ દશમી પૂજા ॥

॥ દોહા ॥

કદંબ ગણધર કોડિશું, વલી સંપ્રતિ જિનરાજ ॥
થાવચ્ચા તસ ગણધરૂ, સહસશું સિદ્ધાં કાજ ॥ ૧ ॥

એક ક્રોડ મુનિઓની સાથે (નિર્વાણી તીર્થંકરના) [1]કદંબ ગણધર તેમજ [2]સંપ્રતિ તીર્થંકરના થાવચ્ચા નામે

અનાદિ સંસારરૂપ મહા સમુદ્રનું અતિક્રમણ કર્યું; હવે પછી અષ્ટમ ગુણસ્થાનક પ્રાપ્ત કરી મુક્તિ પામવા નજીક આવી પહોંચવું તે થોડા જળમાં (હવે નાના મોટાના ભેદરૂપ ભક્તિની આવશ્યકતા દૂર થવાથી) ભક્તિ નૌકા ચાલી શકવાનો અસંભવ છે જેથી ભેદદૃષ્ટિ દૂર થઇ અભેદપણું પ્રાપ્ત કરવા માટે પ્રભુને સંબોધી હાથોહાથપકડી છીછરા જળથી પણ રહિત મુક્તિ રૂપ સંસાર સમુદ્રના કીનારા ઉપર લઇ લેવા—પરમાત્માને પ્રિય થવા—એક જ્યોતિરૂપ થવા પ્રાર્થના કરી છે.

૧ તેમના નામથી કદંબગિરિ એ નામ વિખ્યાત થયું છે, પાઠાંતરે સંપ્રતિ જિનરાજના કદંબ ગણધર હતા તેમ કહેવામાં આવ્યું છે. જુઓ શત્રુંજય માહાત્મ્ય પા ૧૯૪

૨ ગત ચોવીશીના ચોવીશમા તીર્થંકર.

॥ ઢાલ ॥ (ધન્ય ધન્ય જિનવાણી—એ દેશી.)

એમ કેઈ સિદ્ધિ વર્યા મુનિરાયા, નામથી નિર્મલ કાયા રે ॥ એ તીરથ તારૂ ॥ જાલી મયાલી ને ઉવયાલી, સિદ્ધા અનશન પાલી રે ॥ એ૦ ॥ ૧ ॥ દેવકી ષટ્ નંદન ઇહાં સિદ્ધા, આતમ ઉજ્જવલ કીધા રે ॥ એ૦ ॥ ઉજ્જવલગિરિ મહાપદ્મ

ગણધરે એક હજાર મુનિઓની સાથે અત્ર ઇષ્ટ કાર્ય સિદ્ધ કર્યુ. (૧)

ઢાળના અર્થ.

એ રીતે અનેક મુનિવરો અત્ર સિધ્ધિપદને પામેલા છે જેમના નામોથી આ શરીર પવિત્ર થાય છે; આ તીર્થ ખરેખર (ભવસમુદ્રથી) તારનાર છે; *જાલી, મયાલી અને *ઉવયાલી અનશન કરી અહીં સિધ્ધિપદને પામ્યા છે. (૧)

દેવકીજીના [૧]૭ પુત્રોએ અહીં નિર્વાણ પામી પોતાના આત્માની ઉજ્જવળતા પ્રાપ્ત કરી છે [નામોના વિશેષ અનુક્રમો] [૮૨] ઉજ્જવલગિરિ [૮૩] મહાપદ્મ એ નામોને

* એ ત્રણે યાદવ કુમારો હતા. તેમની મૂર્તિઓ શત્રુંજય ઉપર હનુમાન ધારાવાળા વિશ્રામ સ્થાનથી આગળ જતાં રામપોળની વચ્ચેના રસ્તામાં ઉંચા વિભાગમાં છે. શ્રી અંતગડદશાંગ સૂત્રમાં તેમનો અધિકાર છે.

૧ શ્રી કૃષ્ણ વાસુદેવના જ્યેષ્ટ બંધુઓ, (૨) અનિકયશા (૩) અંતસેન (૪) અજિતસેન (૫) નિહતારિ (૬) દેવયશા અને (૭) શત્રુસેન. આ બંધુઓ જન્મતાંની સાથે કંસરાજાના ભયથી દેવતાએ દેવકીજી (શ્રી કૃષ્ણની માતા) ની પાસેથી હરી સુલસા નામની

પ્રમાણો, વિશ્વાનંદ વખાણોરે ॥ એ૦ ॥ ૨ ॥ વિજયભદ્રને ઈંદ્ર પ્રકાશો, કહીએ કપર્દીવાસોરે ॥ એ૦ ॥ મુક્તિનિકેતન કેવલદાયક, ચર્ચગિરિ ગુણલાયકરે ॥ એ૦ ॥ ૩ ॥ એ નામે ભય સઘલા નાસે, જયકમલા ઘરવાસે રે ॥ એ૦ ॥ શુકરાજા નિજરાજ્ય વિલાસી, ધ્યાન ધરે ષટ્માસી રે ॥ એ૦ ॥ ૪ ॥

પ્રમાણભૂત ગણો તેમજ [૮૪] વિશ્વાનંદની પ્રશંસા કરો. [૨]

(૮૫) વિજયભદ્ર (૮૬) ઈંદ્રપ્રકાશ અને (૮૭) [2]કપર્દી-વાસ કહેવાય છે; (૮૮) મુક્તિનિકેતન (૮૯) કેવલદાયક અને (૯૦) [3]ચર્ચગિરિ વિગેરે ગુણ નિષ્પન્ન નામો છે (૩)

એ નામો વડે સર્વ [1]ભય દૂર થાય છે અને સમતારૂપ વિજય લક્ષ્મીનો (આત્મ) ગૃહમાં નિવાસ થાય છે;

શ્રાવિકાને ઘરે મુક્યા હતા. તેણે તેમને ઉછેરીને મોટા કર્યા હતા. પછીથી તેઓએ વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી હતી. એમની મૂર્તિઓ છ ગાઉની પ્રદક્ષિણા કરવા જતાં સૌથી પ્રથમ આવે છે.

૨ કપર્દીયક્ષ એ તીર્થનો અધિષ્ઠાયક થનાર હોવાથી ભરતચક્રીએ એક શિખર ઉપર તેની સ્થાપના કરી તેથી ગિરિનું નામ કપર્દીવાસ એવું થયું

૩ નમિ વિદ્યાધરની ચર્ચા વિગેરે ચોસઠ પુત્રીઓ એ ગિરિ ઉપર ચૈત્ર વદ ૧૪ સિદ્ધિપદને પામી તેથી. (પાઠાંતરે તેઓ સ્વર્ગમાં ગઇ તેમ ઉલ્લેખ છે શત્રુંજય માહાત્મ્ય. પા. ૧૯૬. શ્રીમદ્ વીરવિજયજી ' કેવલ પામી કર્મને વામી ' એ શબ્દો વડે મુક્તિમાં ગઇ તેમ સૂચવે છે; તત્ત્વ જ્ઞાનીગમ્ય.)

૧ ઇહલોક ભય, પરલોક ભય, આદાન ભય, અપયશ ભય, મરણ ભય, આજીવિકા ભય અને અકસ્માત્ ભય.

દ્રવ્યસેવનથી સાજા તાજા, જેમ કુકડો ચંદરાજા રે ॥ એ૦ ॥
ધ્યાતા ધ્યેય ધ્યાનપદએકે, ભાવથી શિવફલ ટેકે રે ॥એ૦॥૫॥

છ માસ સુધી આ ગિરિરાજ ઉપર ધ્યાન ધરવાથી [2]શુકરાજાએ પોતાનું (ગયેલું) રાજ્ય પુનઃપ્રાપ્ત કર્યુ હતું. (૪)

આ ગિરિરાજની દ્રવ્યપૂજાથી શરીરે નિરોગી થવાય છે; જેમ (મનુષ્યભવમાં અપર માતાની વિદ્યાવડે) કુકડાપણું

૨ ક્ષિતિપ્રતિષ્ઠિતપુરમાં મકરધ્વજ રાજા રાજ્ય કરે છે. એક દિવસ ઉદ્યાનમાં આમ્રવન નીચે રાજા ક્રીડા કરવા આવેલ છે; તેવામાં એક દેવ પોપટનું રૂપ લઇ વૃક્ષ ઉપર બેસી રાજાની પાસે મનુષ્ય ભાષામાં ગાંગીલઋષિની પુત્રીનું સ્વરૂપ વર્ણવી તેનું પાણિગ્રહણ કરવા લલચાવે છે. રાજા તે સાંભળી ઉત્સક બને છે અને પોપટની પાછળ પાછળ એકલો અશ્વ ઉપર શીઘ્ર માર્ગ કાપતાં ક્ષણવારમાં ગાંગીલ ઋષિના આશ્રમ પાસે આવી પહોંચે છે. સંકેત પ્રમાણે ગાંગીલ ઋષિ પોતાની પુત્રી કમલમાલાને હર્ષ સાથે પરણાવે છે. ત્યારપછી રાજા પોતાના નગરમાં પ્રવેશ કરે છે. પૂર્વોક્ત પોપટનો જીવ તે કમલમાલાની કુક્ષિમાં આવે છે. જન્મ પછી તેનું 'શુકરાજ' નામ પાડે છે. પાંચવર્ષના ઉમરનો તે બાલક થતાં પ્રથમની જેમ આમ્રવૃક્ષ નીચે રાજા સકુટુંબ ક્રીડા કરવા આવતાં તે બાળકને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. તે શુકરાજનો જીવ—મકરધ્વજ રાજા તથા કમલમાલારૂપ માતા પિતા કે જેઓ પૂર્વ ભવમાં તેની બે સ્ત્રીઓ હતી અને પોતે તેનો પતિ હતો તે—આ ભવમાં પુત્રરૂપે થવાથી જાતિસ્મરણ જ્ઞાનથી જાણી મૌન ધારણ કરે છે. છ માસ તેમ રહેતાં શ્રીદત્ત કેવલી ત્યાં પધારે છે. દેશનામાં સ્ત્રી, પુત્ર, પતિ વિગેરે સંસારના અનેક ભવના વિલક્ષણ સંબંધી દરેક જીવ પ્રાપ્ત કરે છે તેમ સ્ફુટ કરે છે જેથી શુકરાજની વાચા ખુલે છે ત્યારપછી મકરધ્વજ

ડાલને છંડી બ્રહ્મને વલગો, જાણુ ન થાયે અલગોરે ॥ એ૦ ॥
મૂલઊર્ધ્વ અધશાખા ચારે, છંદપુરાણે વિચારે રે ॥ એ૦ ॥ ૬ ॥

પ્રાપ્ત કરેલા [1]ચંદ્ર રાજા અહીં સૂર્યકુંડના જળમાં સ્નાન કરવાવડે અસલ સ્વરૂપને પામ્યા હતા; ધ્યાતા, ધ્યેય તથા ધ્યાનની [2]એકાગ્રતાવડે ભાવથી સેવન કરતાં મનુષ્યો અવશ્ય મુક્તિરૂપ ફળ મેળવે છે. (૫)

ખરેખરો જ્ઞાની પુરૂષ વૃક્ષના મૂળને વળગી રહે છે (પરંતુ ડાલીઓની ઉપર આધાર રાખી રહેતો; નથી. અ-

રાજા દીક્ષા લઇ કેવલજ્ઞાન પામે છે. શુકરાજા એક વખત પૂર્વ ભવના સંસ્કારાનુંસાર શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરવા જાય છે. તેવામાં મકરધ્વજ રાજાની અપર રાણી ચંદ્રાવતી નો ભાઇ ચંદ્રશેખર પોતાની ભગિની ઉપર વિષયરાગને અંગે કૃત્રિમ શુ ર જનું રૂપ લઇ ગાદી પચાવી પડે છે અને વિષયસુખ સ્વચ્છંદપણે ભોગવે છે. પાછળની (અસલ) શુકરાજ ત્યાં આવતાં તેને સર્વ હાંકી કાઢે છે. તે મૃગધ્વજ કેવલી પાસે છે; તે શત્રુંજય ઉપર ગુફામાં છ માસ સુધી વિદ્યા સાધના કરવાનું તથા ધ્યાન ધરવાનું સૂચવે છે; તે પ્રમાણે છ માસ સુધી કરતાં તપતેજથી ચંદ્રશેખરની વિદ્યા નષ્ટ થાય છે અને મૂળ શુકરાજને સર્વ ઓળખે છે અને શાંતિથી પુનઃરાજ્ય પ્રાપ્ત કરે છે. અંતે આ ગિરિરાજ ઉપર આવી કેવલજ્ઞાન પામી મુક્તિએ જાય છે આરીતે શત્રુનો જય થવાથી 'શત્રુંજય' નામ પ્રચલિત થયેલું છે.

૧ આ કથા પ્રસિદ્ધ છે. જુઓ ચંદરાજાનો રાસ.

૨ ધ્યાન કરનાર મનુષ્ય તે ધ્યાતા, શત્રુંજયગિરિ તે ધ્યેય અને મન, વચન, કાયાના યોગોની એકતારૂપ ધ્યાન—આ ત્રિપુટીના સંયોગથી શિવરૂપ ફળ ઉત્પન્ન થાય છે.

ઇંદ્રયડાલાં વિષય પ્રવાલાં, જાણુંતા પણ વાલારે ॥ એ૦ ॥
અનુભવ અમૃત જ્ઞાનની ધારા, જિનશાસન જયકારારે
॥ એ૦ ॥ ૭ ॥

ર્થાત્) ડાળીઓને તજી થડનેજ અવલંબે છે; અને તેનાથી અલગ થતો નથી; વેદ અને પુરાણમાં એવી આખ્યાયિકા છે કે–એક સ્થાને એક પીપળાનું વૃક્ષ છે જેની ચાર ડાળી. ઓ નીચે છે અને વૃક્ષનું મૂળ ઉંચે છે. (૬)

તે વૃક્ષને ઇંદ્રિઓરૂપી ડાળીઓ અને વિષય રૂપઅ-કુરાઓ છે. આ પ્રમાણે તેઓ કહે છે, જાણે છે છતાં તેઓ બાલ (અજ્ઞાની) છે;

જો તે હકીકત જયવંત જિનશાસનના અનુભવ જ્ઞા-નરૂપ અમૃતની ધારાવડે શુદ્ધ કરવામાં આવે તો [1] જુદાજ સ્વરૂપે પ્રકાશ પડે છે. (૭)

---

૧ આ હકીકતને માટે આ પ્રકારે ઘટના મેળવિત હોય; (પૂર્વપક્ષ) પુરાણી અનેક દંતકથાઓમાં એક આખ્યાયિકા એવી છે કે એક સ્થળે પીપળાના વૃક્ષનું મૂળ ઉંચું અને શાખા પ્રશાખા-ઓ અને પત્રો નીચે હતાં ! પરન્તુ દંતકથાને આધ્યાત્મિક અપેક્ષાએ સુઘટિત કરતાં વેદોના અંગરૂપ શ્રીભગવદ્‌ગીતા આ પ્રકારે વર્ણવે છે.

ઉર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।
છંદાંસિ યસ્ય પત્રાણિ યસ્તં વેદ સ વેદવિત્ ॥ ૧ ॥
અધશ્ચોર્ધ્વં પ્રસૃતા યસ્ય શાખાઃ ।
ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ॥

' આ પિંપલવૃક્ષ તે પુરુષોત્તમ-બ્રહ્મરૂપ ઊંચા મૂલવાળો બ્રહ્માદિ જગતૂમાયારૂપ નીચે શાખા વાળો, આવતી કાલના ભરૂસાથી રહિત પરંતુ પ્રવાહરૂપે નિત્ય-સંસારરૂપ વૃક્ષ જાણવો. તે વૃક્ષના વેદોની ઋચાઓરૂપ પત્રો છે-આવો અર્થ જે જાણે છે તે વેદનો યથાર્થ જાણકાર છે. આ વૃક્ષની શાખાઓનો વિસ્તાર ઉંચે નીચે ઉભય બાજુએ થયેલો છે, તેના ઇંદ્રિયોરૂપ પલ્લવો (નૂતન અંકુરો) વાળો આ વૃક્ષ છે. '

(ઉત્તરપક્ષ) પૌરાણિક દંતકથાના ઉમાદકે અસંભવત, વિરોધી ગુણવાળો અને બુદ્ધિથી અગ્રાહ્ય વૃત્તાંત બનાવી જગતની દૃષ્ટિએ કૌતુક ઉત્પન્ન કર્યું છે; પરંતુ તેની આધ્યાત્મિક ઘટના તેના અર્થમાં કહેલી રીતે કરતાં છતાં તુલનાત્મક વિચાર કરતાં વિરોધી સંયોગો આવીને વચ્ચે ઉભા રહે છે, કેમકે આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ સંસારનું મૂલ પરમાત્મા તરીકે ગણાતા શ્રી પુરૂષોત્તમ હોય એ બનેજ કેમ ? કદાચ દલીલની ખાતર સંસારરૂપ વિરોધી કાર્યના કર્ત્તા તરીકે નિરાકાર બ્રહ્મને માનીએ તો પણ યુક્તિવડે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ઇશ્વર-પરમાત્મા તેમને આ સંસાર ઉત્પન્ન કરવાનું પ્રયોજન શું ? નિર્વિકારી ઇશ્વરની વિકારીકૃતિ એ શું અસંગતિ નથી ? આવાં અનેક પ્રશ્નો વિચારતાં એ આધ્યાત્મિક ઘટનાના રચયિતાઓનું યુક્તિમાં સદોષપણું હોવાથી અજ્ઞાનમૂલકપણું સૂચવાય છે. આ દંતકથા પરત્વે જૈનદર્શનનો અનુભવ જગતની દૃષ્ટિએ વિલક્ષણ પ્રકારે ખુલાસો કરે છે.

શ્રી જિનેશ્વર ષડ્ દર્શનરૂપ વૃક્ષનું મૂલ છે કેમકે ષડ્દર્શનોના સર્વ નયોને પોતાના સ્વરૂપમાં જુદી જુદી અપેક્ષાએ ઓતપ્રોત કર્યું જૈન દર્શન છે; શ્રીમદ્ આનંદઘનજીએ જિનેશ્વરને પુરૂષની ઉપમા આપતાં જૈનદર્શનને તેમના માતકરૂપે ગણેલું છે, મસ્તક એ ઉત્તમાંગ છે તેમજ તેમાંથી પ્રકટ થતી વિચારણાનુંસાર શરીરના અન્ય અ-

વળવો ક્રિયા કરવા પ્રેરાય છે. સૌગત (બુદ્ધ) અને મીમાંસક દર્શન એ મોટા હાથરૂપ વર્ણવેલા છે, સાંખ્ય અને યોગદર્શન બે પગ ને સ્થાને છે, અને ચાર્વાકદર્શન એ શ્રી જિનેશ્વરના ઉદરસ્થાને કહેવામાં આવેલું છે.

(સ્પષ્ટીકરણ) બુદ્ધ દર્શન એકાંતપણે આત્માને ક્ષણ વિનશ્વર માનતું હોવાથી જૈનના પર્યાયાસ્તિકનયે સત્ય છે; તેમજ મીમાંસકો (અદ્વૈત વેદાંતીઓ) એકાંતપણે સર્વમાં એકજ આત્મા માનતા હોવાથી જૈનના દ્રવ્યાસ્તિકનયથી સત્ય છે. આમ હોઇ શ્રી જિનેશ્વરના આ બે હાથ છે, સાંખ્ય દર્શને એકાંતપણે પ્રત્યેક શરીરે ભિન્ન ભિન્ન આત્મા માની આત્માને કર્મબંધ માનતું નહીં હોવાથી જૈનના નિશ્ચયનયે સત્ય છે; તેમજ યોગદર્શન એકાંતપણે આત્માને કર્મથી બંધન માની યમ નિયમાદિવડે આત્માની મુક્તિ માને છે તે જૈનના વ્યવહારનયથી સત્ય છે. આ બે દર્શનશ્રી જિનેશ્વરના બે પાદ સમજવા. અને નાસ્તિક દર્શન જે જગતનો કોઇપણ કર્તા નથી એવી માન્યતા ધરાવે છે તે વ્યવહારનયે જૈનદર્શનુસાર સત્ય છે અને તે જિનેશ્વરની કુક્ષિરૂપ કહેવાય છે. આ રીતે સર્વ દર્શનો એકાંત માનીનતાવાલા હોવાથી અપૂર્ણ સત્યવાળા છે. પરંતુ પોતાને મળેલું તત્ત્વજ્ઞાનરૂપ પાણી સર્વ દર્શનોને પહોંચાડતું મૂળ જૈન દર્શન છે. દર્શનરૂપ વૃક્ષનું મૂળ જૈનદર્શન, તેની શાખાઓ અન્ય પાંચ દર્શનો, પ્રશાખાઓ સપ્તનયો અને સપ્તભંગીઓરૂપ તેમજ સર્વ અનુષ્ઠાનો પલ્લવો (પ્રવાલ) રૂપ છે.

શ્રીમદ્ વીરવિજયજીએ આ પૂજામાં 'શાખાચારે' એ શબ્દ વાપરેલો છે તે વિચારવા જેવું છે. કેમકે વેદમાં ચાર શાખાવાળું વૃક્ષ એવી હકીકત નથી પરંતુ (અનંત) શાખાવાળું વૃક્ષ એમ કહેલું છે. શ્રીમદ્ યશોવિજયજી જે તેમનાથી લગભગ બશેં વર્ષ પૂર્વે થઇ ગયેલા તેમણે આ પરિસ્થિતિને અનુસરતું નીચે પ્રમાણે દર્શાવ્યું છે.

ચાર દોષ કિરિયા છંડાણી, યોગાવંચક પ્રાણી રે ॥ એ૦ ॥
ગિરિવર દર્શન ફરસન યોગે, સંવેદનને વિયોગેરે ॥એ૦॥૮॥

ક્રિયાના Aચાર દોષોને તજી Bયોગોને સાનુકૂળ પ્રવૃત્તિમાં જોડનાર પ્રાણી આ ગિરિવરના દર્શનવડે સંવેદન

મૂલ ઊર્ધ્વ તરૂવર અધ શાખારે, છંદ પુરાણે એવી છે ભાષારે
અચરિજવાળે અચરિજ કીધુંરે, ભકતે સેવક કારજ સિધ્ધુંરે.

શ્રી સુવિધિનાથજીનું સ્તવન.

આમાં 'શાખા' સામાન્ય રીતે વપરાયેલો શબ્દ છે. છતાં ' ચારે ' શબ્દ શ્રીમદ્ વીરવિજયજીના કથનનુસાર માનીએ તો વેદાંત અનુસાર દેહરૂપ વૃક્ષની ચિત, બુદ્ધિ, અહંકાર અને મનરૂપ ચાર શાખાઓ સમજવી. અને તે વૃક્ષનું મૂળ બ્રહ્મ–પરમાત્મા સમજવું.

આ ઉપરથી શ્રીમદ્ વીરવિજયજી એમ ફલિત કરવા માગે છે. કે હે ઋષભદેવ પ્રભો! આદિનાથ! તમો સર્વના મૂળરૂપ છો, અમારે બીજા નયો–અનુષ્ઠાનો સર્વને તજી તમોનેજ વળગી રહેવું ઘટિત છે, તમેજ બ્રહ્મ–પુરુષોત્તમ છો ! અને લૌકિક ફળને આપનાર અન્ય દેવો તત્વો અને અન્ય અનુષ્ઠાનોરૂપ શાખા પ્રશાખા અને પલ્લવોને તજી તમારૂંજ આલંબન લીધેલું છે જેથી અમારૂં કાર્ય સફળ થશેજ.

નિવેદન કરવાનું કે, પ્રસ્તુત રૂપરેખા શ્રીમદ્‌નો કાંઇક આવોજ આશય હશે એમ સંભાવના કરી દોરવામાં આવી છે; પરમાર્થ તે ખરેખરી રીતે કર્તાને પોતાનેજ ગમ્ય હોય એ નિર્વિવાદ છે.

A દગ્ધદોષ—એક ક્રિયા કરતાં અન્ય ક્રિયામાં મન જોડાય; શૂન્યતા દોષ–ઉપયોગ શૂન્યપણે ક્રિયા કરવી. અવિધિ દોષ—ક્રિયાના ક્રમથી વિપરીત ક્રિયા કરવી; અતિ પ્રવૃત્તિદોષ–દેશ, કાળ અને ભાવને ઉલ્લંઘી ક્રિયા કરવી.

B મન, વચન અને કાયાના વ્યાપારો.

નિર્જરતો ગુણશ્રેણે ચડતો, ધ્યાનાંતર જઇ અડતોરે ॥ એ૦ ॥
શ્રી શુભવીર વસે સુખમોજે, શિવસુંદરીની સેજેરે ॥એ૦॥૯॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ જલાદિકં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ દશમાભિષેકે ઉત્તર પૂજા ૯૦ સમાપ્ત ॥

જ્ઞાનનો વિયોગ કરી સ્પર્શન જ્ઞાન Cપ્રાપ્ત કરે છે. (૮)

(એ પ્રકારે ક્રમશઃ) કર્મોની નિર્જરા કરતોઃ મનુષ્ય ઉચ્ચ ઉચ્ચ ગુણસ્થાનકરૂપ નિસરણી ઉપર ચડતાં ચાર પાદવાળા શુક્લ ધ્યાનની Aમધ્ય સ્થિતિ પ્રાપ્ત કરે છે, એ પ્રકારે જ્ઞાન લક્ષ્મીવડે વિરાજમાન અનંત વીર્યગુણથી અલંકૃત શ્રી પરમાત્મા મુક્તિરૂપ સુંદરી સાથે (અનુભવ રમણતારૂપ) શય્યામાં પરમાનંદપૂર્વક વિલાસ કરે છે (૯)

C એક અપેક્ષાએ જ્ઞાન બે પ્રકારે છે. સંવેદન જ્ઞાન અને સ્પર્શન જ્ઞાન માત્ર ઉપર ઉપરથી જાણવારૂપે આત્માને જે જ્ઞાન થાય તે સંવેદન જ્ઞાન અને આત્મપ્રદેશમાં અનુભવ રમણતારૂપ—સ્પર્શ પ્રાપ્ત થાય તે સ્પર્શન જ્ઞાન. ઉભય જ્ઞાનોમાં અત્ર પ્રભુના દર્શનથી સંવેદન જ્ઞાનનો વિયોગ અને સ્પર્શન જ્ઞાનની પ્રાપ્તિ દર્શાવી છે.

A શુક્લધ્યાનના બે પાદનું અવલંબન કર્યા પછી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યા પછી આયુષ્યને પ્રાંતે બીજા બે પાદનું અવલંબન કરે છે ત્યાં સુધી ધ્યાન રહીત ધ્યાનાંતર દશામાં કેવલજ્ઞાની પણે વિચરે છે અર્થાત્ જીવન્મુક્ત દશા અનુભવે છે.

।। એકાદશ પૂજા ।।

॥ દોહા ॥

શત્રુંજયગિરિ મંડણો, મરૂદેવાનો નંદ ॥
યુગલાધર્મનિવારકો, નમો યુગાદિ જિનંદ ॥ ૧ ॥

॥ ઢાલ ॥ વીરકુમરની વાતડી કેને કહીએ—એ દેશી ॥

તીરથની આશાતના નવિ કરીએ ॥ નવિ કરીએરે નવિ કરીએ ॥ ધૂપધ્યાનઘટા અનુસરીએ ॥ તરીએ સંસાર ॥ તીર-

---

શ્રી શત્રુંજયગિરિના આભૂષણરૂપ અને મરૂ દેવી માતાના પુત્ર તેમજ [૧]યુગલીકપણાના આચારોનું નિવારણ કરનાર આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર (આદીશ્વર) પ્રભુને નમસ્કાર હો! (૧)

ઢાળના અર્થ.

(ડિંડિમ વગાડીને કહીએ છીએ કે) આ તીર્થની આશાતના કરવી નહિ; દ્રવ્યપૂજાના અધિકારીઓએ (શુભ)

---

૧ જે કાળમાં પુત્રપુત્રી યુગલ (જોડલાં) રૂપે જન્મી પછીથી ઉભય પરસ્પર પ્રેમરાગથી બંધાઇ વરવધૂરૂપે બને અને કલ્પવૃક્ષ પાસેથી ઇષ્ટ વસ્તુઓ પ્રાપ્ત કરે અને પ્રાયઃ ઉભય સાથે મૃત્યુ પામે અને દેવલોકમાં જાય—એવો સ્વામીસેવા, વર્ણવ્યવસ્થા અને વ્યાપારપ્રવૃત્તિ વગરનો આ અવસર્પિણીનો પ્રથમ આરાથી ત્રીજા આરા સુધીનો કાળ: પૂર્વોક્ત યુગલપણું કાળક્રમે બંધ પડવાના નિમિત્તભૂત થયેલા આદીશ્વર પ્રભુ હતા.

થ૦ ॥ ૧ ॥ આશાતના કરતાં થકાં ધનહાણી ॥ ભૂખ્યાં ન મલે અન્નપાણી, કાયા વલી રોગે ભરાણી, આ ભવમાં એમ ॥ તીરથ૦ ॥ ૨ ॥ પરભવ પરમાધામીને વશ પડશે ॥ વૈતરણી નદીમાં ભલશે, અગ્નિને કુંડે બલશે, નહીં શરણું કોય ॥ તીરથ૦ ॥ ૩ ॥ પૂર્વ નવાણું નાથજી ઈહાં આવ્યા ॥ સાધુ કેઈ મોક્ષ સધાવ્યા, શ્રાવક પણ સિદ્ધિ સુહાવ્યા ॥ જપતાં ગિરિ નામ ॥ તી૦ ॥ ૪ ॥ અષ્ટોત્તરશતકૂટ એ ગિરિ ઠામે ॥

ધ્યાનની પરંપરાઓ રચવી. જેથી સંસારરૂપ સમુદ્ર તરી શકાશે. (૧)

આશાતના કરતાં આ ભવમાં ધનક્ષીણ થાય છે; અન્નપાણી નહિ મળતાં ભૂખ્યા રહેવું પડે છે તેમજ શરીર-રોગથી ગ્રસ્ત બની જાય છે. (૨)

(આ તીર્થની આશાતના કરતાં) જન્માંતરમાં (નરકે જવાથી) પરમાધામી દેવતાઓની પરાધીનતામાં આવવું પડશે, (નરકમાં રહેલી) વૈતરણી નદીમાં સ્નાન કરવું પડશે, અગ્નિના કુંડમાં પડી બળવું પડશે; તે વખતે કોઈ શરણભૂત નહિ થાય. (૩)

શ્રી આદિનાથપ્રભુ નવાણું [1]પૂર્વ વખત આ ગિરિરાજ ઉપર (ફાલ્ગુન શુદી ૮ ની તિથિએ) આવ્યા; આ ગિરિનું નામ રટણ કરતાં સાધુલિંગે તેમજ ગૃહસ્થલિંગે અનેક મનુષ્યો સિદ્ધ થયા. (૪)

૧ જુઓ પાનું ૨

સૌંદર્ય શશોધર નામે, પ્રીતિમંડન કામુક કામે, વલી સહાજાનંદ ॥ તી૦ ॥ ૫ ॥ મહેંદ્રધ્વજ સરવારથ સિદ્ધ કહીએ ॥ પ્રિયંકર નામ એ લહીએ, ગિરિ શીતલ છાંયે રહીએ, નિત્ય કરીએ ધ્યાન ॥ તી૦ ॥ ૬ ॥ પૂજા નવાણું પ્રકારની એમ કીજે ॥ નરભવનો લાહો લીજે, વળી દાન સુપાત્રે દીજે, ચઢતે પરીણામ ॥ તી૦ ॥ ૭ ॥ સેવનફલ સંસારમાં કરે

(આ પૂજામાં ગિરિરાજના નામો પૂર્ણ કરતા કહે છે) અષ્ટોત્તર શતકૂટ, (૯૨) સાદર્ય (૯૩) યશોધર (૯૪) પ્રીતિમંડન (૯૫) [3]કામુક કામ તેમજ (૯૬) સહજાનંદ.

(૯૭) મહેન્દ્રધ્વજ (૯૮) સવાર્થસિદ્ધ તેમજ (૯૯) પ્રિયંકર નામો કહેવાય છે. ગિરિના શીતળ છાંયામાં રહીને આ સર્વ નામોનું નિરંતર ધ્યાન કરો (૬)

એ પ્રકારે નવાણું પ્રકારની પૂજા રચી મનુષ્યજન્મને લાહો લેવો; વળી ઉચ્ચતર પરિણામથી સુપાત્રે દાન દેવું. (૭)

---

૨ આ ગિરિના ૧૦૮ મુખ્ય શિખરો હોવાથી. અત્ર શ્રી ૫ વીરવિજયજીએ નવાણું નામો દર્શાવેલાં છે તેમાં નવ નામો વધારે આ રીતે છે. જુવો પાનું ૪૯

૩ મુક્તિરૂપ ઇષ્ટ સુખને કામે—ઉપાર્જન કરાવે તેથી કામુક કામ.

લીલા ।। રમણી ધન સુંદર બાલા, શુભ વીરવિનોદ વિશાલા, મંગલ શિવમાલ ।। તીરથ૦ ।। ૮ ।।

ઇતિ એકાદશાભિષેકે ઉત્તર પૂજા ૯૯ સમાપ્ત.

આ ગિરિરાજની સેવાના ફળથી સંસારમાં પણ (લૌકિક ફળરૂપે) ગુણવતી સ્રી, વિપુલ ધન તેમજ મનોહર અને આજ્ઞાકારી પુત્ર પુત્રીઓ પ્રાપ્ત થાય છે અને (અલૌકિક ફળરૂપે)મુક્તિરૂપ સ્રી માંગલ્યકારી પુષ્પમાળા આરોપણ કરે છે જેથી વિશાળ–અનંત આનંદ પ્રાપ્ત થાય છે; એમ શ્રી શુભવિજયજીના શિષ્ય શ્રી વીરવિજયજી વદે છે. (૮)

ગિરિરાજના વધારે નવનામોઃ–(૧૦૦) વિશ્વપ્રભુ (૧૦૧) કુયંભુ (૧૦૨) હરિપ્રિય (૧૦૩) ત્રિભુવનપતિ (૧૦૪) પ્રત્યક્ષગિરિ (૧૦૫) સિદ્ધભજ (૧૦૬) વૈજયંત (૧૦૭) ઋષિવિહાર (૧૦૮) સર્વકામદ. આ વધારાના નામો શ્રી પદ્મવિજયજી સિદ્ધાચળજીના સ્તવનમાંથી ઉમેરેલાં છે.

॥ કલશ. ॥

(ધન્યાશ્રી રાગેણ ગીયતે.)

ગાયો ગાયોરે વિમલાચલ તીરથ ગાયો ॥ પર્વતમાં જેમ મેરૂ મહીધર, મુનિમંડલ જિનરાયો ॥ તરૂગણુમાં જેમ કલ્પતરૂવર, તેમ એ તીરથ સવાયોરે ॥ વિ૦ ॥ ૧ ॥ યાત્રા નવાણું અમે ઇંહા કીધી, રંગતરંગ ભરાયો ॥ તીરથગુણ મુક્તાફલ માલા, સંઘને કંઠે ઠવાયોરે ॥ વિ૦ ॥ ૨ ॥ શેઠ હેમાભાઇ હૂકમ લઇને, પાલીતાણા શિર ઠાયો ॥ મોતીચંદ મલૂકચંદ રાજ્યે, સંઘ સકલ હરખાયોરે ॥ વિ૦ ॥ ૩ ॥ તપગચ્છ સિંહ સૂરિ-

(કર્તા કહે છે કે) અમોએ (પૂર્વોક્ત પ્રકારે) વિમલાચલ તીર્થનું ગુણગાન કર્યું; પર્વતોમાં જેમ મેરૂ પર્વત, મુનિ મંડલમાં જેમ જિનેશ્વર, અને વૃક્ષના સમૂહમાં જેમ કલ્પવૃક્ષ શ્રેષ્ઠ છે. તેમ આ તીર્થ સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ છે. (૧)

ઉછળતા ભક્તિરંગના તરંગો સહિત અમે અત્ર નવાણુંયાત્રા કરી, (અને તે પ્રસંગે) તીર્થાધીરાજના ગુણરૂપ મોતીની માલા (આ પૂજા) શ્રી સંઘનાકંઠમાં સ્થાપન કરવામાં આવી. (૨)

શ્રી રાજનગરના નગરશેઠ હેમાભાઇના હુકમથી તેમના મુનિમ શા મોતીચંદ મલુકચંદ (મોતી કડીઆ) કે જે પાલીતાણામાં તે વખતે મુનિમ તરીકે હતા તે અરસામાં (આ પૂજા પ્રકાશમાં આવતાં) શ્રી સંઘ હર્ષિત થયો. (૩)

શ્વર કેરા, સત્યવિજય સત્ય પાય ॥ કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, જસવિજયો મુનિરાયોરે ॥ વિ૦ ॥[3]૪ ॥ શ્રી શુભવિજય સુગુરૂ સુપસાયે, શ્રુતચિંતામણિ પાયો ॥ વિજયદેવેંદ્ર સૂરિશ્વર રાજ્યે, પૂજા અધિકાર રચાયોરે ॥ વિ૦ ॥ ૫ ॥ પૂજા નવાણું પ્રકારી રચાવો, ગાવો એ ગિરિરાયો ॥ વિધિ-

---

તપગચ્છમાં [1]વિજયસિંહસૂરિના શિષ્ય સત્યવિજયજી થયા કે જેમણે સત્ય-જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું; તેમના શિષ્ય કર્પૂર [2]વિજય તેમના ક્ષમાવિજય અને મુનિરાજ યશોવિજયજી તેમના શિષ્ય હતા. (૪)

તેમના શિષ્ય શ્રીશુભ [4]વિજયજી થયા કે જે મારા સદ્ગુરૂ હતા તેમની કૃપાથી શ્રુતજ્ઞાનરૂપ ચિંતામણિરત્ન પ્રાપ્ત કર્યું. વિજયદેવેંદ્રસૂરી જ્યારે મૂળ પાટે વિદ્યમાન હતા તેમના વખતમાં આ પૂજાનો અધિકાર રચવામાં આવ્યો છે (૫)

હે ભવ્યો ! તમે નવાણુંપ્રકારી પૂજા રચો—રચાવો તે-

---

૧ એઓ વીર પ્રભુની ૬૧ મી પાટે વિક્રમ સંવત્ ૧૭૦૦ લગભગ થયા તેઓનું આયુષ્ય અલ્પ હોવાથી તે પાટ ઉપર લાંબો વખત રહી શક્યા નહોતા.

૨ એમણે શ્વેત વસ્ત્રોને બદલે રંગીન વસ્ત્રો સાધુઓને પહેરવારૂપ ક્રિયા ઉદ્ધાર કર્યો. પાછળથી શ્રીમદ્ આનંદઘનજી સાથે પોતાની જીંદગી ગાળી હતી.

૩ એમણે ઘણા જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી હતી.

૪ આ શ્રીમદ્ વીરવિજયજીના ગુરૂ હતા; તેમની સંક્ષિપ્ત હકીકત શ્રીમદ્ વીરવિજયજીના ચરિત્રમાં પુજાના ઉપોદ્ઘાતમાં છે.

યોગે ફલ પૂરણ પ્રકટે, તવ હઠવાદ હઠાયોરે ॥ વિ૦ ॥ ૬ ॥
વેદવસુ ગજ ચંદ્ર સંવત્સર, ચૈત્રપૂનમ દિન ધ્યાયો ॥ પં-
ડિત વીરવિજય પ્રભુ ધ્યાને, આતમ આપઠરાયોરે ॥વિ૦॥૭॥

ગજ એ (પવિત્ર) ગિરિનું ગુણગાન કરો; શુદ્ધ વિધિના યોગથી જ્યારે પૂર્ણ પણે ફલ પ્રકટ થાય છે ત્યારે મિથ્યાત્વરૂપ હઠ–કદાગ્રહ દૂર થાય છે (૬)

વિક્રમ સંવત્ ૧૮૮૪ માં માં ચૈત્ર શુદી પૂર્ણિમા એ પંડિત વીરવિજયજીએ આ પૂજા પ્રસિદ્ધિમાં મૂકી પ્રભુને સ્તવ્યા અને તે પરમાત્માના ધ્યાનમાં પોતાના આત્માને નિશ્ચળ કર્યો. (૭)

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ જલાદિકં ય૦ સ્વાહા ॥

શ્રી શત્રુંજય મહિમા ગર્ભિત

નવાણું પ્રકારની પૂજા સમાપ્ત.

પ્રશસ્તિ.

શ્રી તીરથપદ પૂજો ગુણીજન. જેહથી તરીએ તે તી-રથરે ॥ અરિહંત ગણધર નિયમા તીરથ, ચઉવિહ સંઘ મહા તીરથરે ॥ શ્રી૦ ॥૧॥ એ આંકણી ॥ લૌકિક અડસઠ તીર્થને તજીએ; લોકોત્તર જે ભજીયેરે ॥ લોકોત્તર દ્રવ્ય ભાવ દુભેદે, થાવર જંગમ જજિએરે ॥ શ્રી૦ ॥૨॥ પુંડ-રીકાદિક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકારરે ॥ થાવર તીરથ એહ ભણીજે, તીર્થયાત્રા મનોહારરે ॥ શ્રી૦ ॥૩॥ વિહર માન વીશ જંગમ તીરથ, બે કોડી કેવળી સાથરે ॥ વિચરંતા દુઃખ દોહગ ટાળે, જંગમ તીરથ નાથરે ॥ શ્રી૦ ॥૪॥ સંઘ ચતુર્વિધ જંગમ તીરથ, શાસનને શોભાવેરે ॥ અડતાલીસ ગુણે ગુણવંતા, તીર્થપતિ નમે ભાવેરે ॥ શ્રી૦ ॥૫॥ તીરથપદ ધ્યાવો ગુણ ગાવો, પચરંગી રયણ મિલા-વોરે ॥ થાળ ભરી ભરી તીર્થ વધાવો, ગુણ અનંત દીલ લાવોરે ॥ શ્રી૦ ॥૬॥ મેરૂ પ્રભ પરમેશ્વર હુઆ, એહ તીર-થને પ્રભાવેરે ॥ વિજય સૌભાગ્ય લક્ષ્મીસૂરી સંપદ, પરમ મહોદય પાવેરે ॥ શ્રી૦ ॥૭॥

વીશસ્થાનક પદ પૂજાંગર્તત તીર્થપદ પૂજા.	}	શ્રીવિજયલક્ષ્મીસૂરિ.

પંડિત શ્રી વીરવિજયજી કૃત.

સ્નાત્રપૂજાની વિધી.

પ્રથમ ત્રણ ગઢને બદલે ત્રણ બાજોઠ મુકીને ઉપલા બાજોઠને મધ્યભાગે કંકુનોસાથીઓ કરવો, અને તેના આગળ કંકુના સાથીઆ ચાર કરીને ઉપર અક્ષત નાંખવા તથા ફૂળ મુકવાં, વચલા સાથીઆ ઉપર રૂપાનાણું મુકવું ને ચારે સાથીઆ ઉપર કળશ સ્થાપવા. તેમાં પંચામ્રત કરી જળ ભરવું તથા વચલા સાથીઆ ઉપર થાળ મુકી કેશરનો સાથીઓ કરી અક્ષત નાંખી ફૂળ મુકી નવકાર ત્રણ ગણી પ્રભુને પધરાવવા. પછી બે સનાથીઆઓને ઉભા રાખીને ત્રણ નવકાર ગણાવવા. પછી પ્રભુના જમણા પગના અંગુઠે કળશમાંથી જળ રેડવું, ને અંગલુહણાં ત્રણ કરવાં. પછી કેશરથી પૂજા કરી હાથ ધપીને સનાથીઆના જમણા હાથમા કેશરનો ચાંલ્લો કરવો. પછી કુસુમાંજલી (ફુલ) હોય તે હાથમાં આપવાં. પછી નીચે પ્રમાણે કહેવું. દીપક એક પ્રભુની જમણી બાજુએ કરવો.

પંડિત શ્રી વિરવિજયજી કૃત.

સ્નાત્ર પૂજા.

॥ કાવ્યં દ્રુતવિલંબિત વૃત્તમ્ ॥

સરસ શાંન્તિ સુધારસ સાગરં, શુચિતરં ગુણરત્ન મહાગરં
ભવિકપંકજ બોધ દિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ॥૧॥

॥ દોહા. ॥

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક ॥ મજ્જનપીઠ થાપીને. કરીયે જળ અભિષેક ॥ ૨॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

જિણ જમ્મ સમય મેરૂ, સિહરં રયણ કણય કલસેહિં ॥ દેવા સુરહિણ્હવિઉ, તે ધન્ના જેહિં દિઠ્ઠોસિ ॥૩॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

નિર્મલજળ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે ॥ કુસુમાંજલિ મેલો આદિ જિણંદા ॥ સિદ્ધ સ્વરૂપી અંગ પખાલી, આતમ નિર્મળ હુઇ સુકુમાળી ॥ કુ૦ ॥૪॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

મચકુંદ ચંપ માલઇ, કમલાઇં પુપ્ફ પંચ વણ્ણાઇં ॥ જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલી દિંતી ॥ ૫ ॥ નમોઽર્હત સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દિજે ॥ કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા ॥ ૬ ॥

॥ દોહા ॥

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર ॥ તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર ॥ ૭ ॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

કૃષ્ણાગરૂ વર ધૂપ ધરીજે, સુગંધ કર કુસુમાંજલિ દીજે, કુસુમાંજલી મેલો નેમિ જિણુંદા ॥ ૮ ॥

॥ ગાથા આર્યા ગીતિ ॥

જસુ પરિમલ બલ દહદિસિં, મહુકર ઝંકાર સદ્દસં- ગીયા ॥ જિણ ચલણોવરિમુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા નમોઽર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥ ૯ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

પાસ જિણેસર જગ જયકારી, જલ થલ ફુલ ઉદક કર ધારી ॥ કુસુમાંજલિ મેલો પાર્શ્વજીણુંદા ॥ ૧૦ ॥

॥ દોહા ॥

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ ॥ તે કુસુ- માંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ ॥ ૧૧ ॥
નમોઽર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલી ॥ ઢાળ ॥

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી ॥ કુસુમાંજલિ મેલો વીર જિણુંદા ॥ ૨ ॥

॥ વસ્તુ ॥ છંદ ॥

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય ॥ કુસુ- માંજલિ તહિ સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય ॥ જિણપયકમલે નિવડેઇ. વિગ્ઘહર જસ નામ મંતો ॥ અનંત

ચઉવીસ જિન, વાસવ મહિય: અસેસ, સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેસ ॥ કુસુમાંજલિ મેલો ચઉવીશ જિણંદા ॥ ૧૩ ॥ નમોઽર્હત સિદ્ધાચાર્યો પધ્યાય સર્વ સાધુભ્ય: ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

અનંત ચઉવીસી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવીસી સંભારૂં ॥ કુસુમાંજલિ મેલો ચોવીશ જીણંદા ॥ ૧૪ ॥

॥ દોહા ॥

મહાવિદેહે સંપ્રતિ, વિરહમાન જિન વીશ ॥ ભક્તિભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ ॥ ૧૫ ॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્ય: ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

અપછરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા ॥ કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા ॥ ૧૬ ॥

॥ ઇતિ શ્રી કુસુમાંજલય: ॥

પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દેઈ જગચિંતામણી ચૈત્યવંદન કરી "નમુથ્થુણં" કહી જયવીયરાય પર્યંત કહે. પછી હાથ ધૂપી મુખકોશ બાંધી કળશ લેઈ ઉભા રહીને કળશ કહે. તે કળશ.

॥ અથ કળશ ॥ દોહા ॥

સયલ જિણેસર પાય નમિ, કલ્યાણકવિધિ તાસ ॥ વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ એક દિન અચિરા હુલરાવતી. એ દેશી.

સમકિતગુણઠામે પરિણુમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા ॥ વીશથાનક વિધિયે તપ કરી, એસી ભાવદયા દીલમાં ધરી ॥ ૧ ॥ જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરૂં શાસન રસી ॥ શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતા ॥ ૨ ॥ સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી ॥ ચવી પન્નરક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુલે ॥ ૩ ॥ પટરાણી કૂખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો ॥ સુખશય્યાયે રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે ॥ ૪ ॥

॥ ઢાળ સ્વપ્નની ॥

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠો ॥ ત્રીજે કેશરી સિંહ, ચોથે લક્ષ્મી અબિહ ॥ ૧ ॥ પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા ॥ રવિ રાતો ધ્વજ મોહોટો. પૂરણ કળશ નહીં છોટો ॥ ૨ ॥ દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર ॥ ભુવનવિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી ॥ ૩ ॥ સ્વપ્ન લહી જઇ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે ॥ પુત્ર તિર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે ॥ ૫ ॥

॥ વસ્તુ છંદ ॥

અવધિ નાણે અવધિ નાણે, ઉપના જિનરાજ ॥ જગત જસ પરમાણુંઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર ॥ મિ-

થ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાત સુંદર ॥ માતા પણુ આનંદિયાં, જાગતી ધર્મ વિધાન ॥ જાણુતિ જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન ॥ ૧ ॥

॥ દોહા ॥

શુભલગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત ॥ સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત ॥ ૧ ॥

॥ ઢાળ ॥ કડખાની દેશી ॥

સાંભળો કળશ જન, મહોત્સવનો ઇહાં ॥ છપ્પન કુમરી દિશિ, વિદિશિ આવે તિહાં ॥ માય સુત નમીય, આણુંદ અધિકો ધરે ॥ અષ્ટ સંવર્ત્ત, વાયુથી કચરો હરે ॥ ૧ ॥ વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે ॥ અષ્ટ કલશા ભરે, અષ્ટ દર્પણુ ધરે ॥ અષ્ટ ચામર ધરે. અષ્ટ પંખાલહી ॥ ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી ॥ ૨ ॥ ઘર કરી કેળનાં, માય સુત લાવતી ॥ કરણુ શુચીકર્મ જળ, કલશે ન્હવરાવતી ॥ કુસુમ પૂજી અલંકાર, પેહેરાવતી ॥ રાખડી બાંધી જઇ, શયન પધરાવતી ॥ ૩ ॥ નમીય કહે માય તુજ બાળ લીલાવતી ॥ મેરૂ રવિ ચંદ્ર લગે . જીવજો જગપતિ ॥ સ્વામિગુણ ગાવતી, નિજ ઘર જાવતી ॥ તેણે સમે ઈંદ્ર, સિંહાસન કંપતી ॥ ૪ ॥

॥ ઢાળ ॥ એકવીશાની દેશી ॥

જિન જન્મ્યાજી, જિન વેળા જનની ઘરે ॥ તિણુ વેળાજી, ઇંદ્રસિંહાસન થરહરે ॥ દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા ॥ દિશિનાયકજી, સોહમ ઇશાન બેહુ તદા ॥૧॥

॥ ત્રોટક ॥

તદા ચિંતે ઈંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો ॥ જિનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો ॥ ૧ ॥ સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે ॥ સવિ દેવી દેવા જન્મમહોત્સવે, આવજો સુરગિરિવરે ॥ ૨ ॥

॥ ઢાળ ॥ પૂર્વલી ॥

એમ સાંભળીજી. સુરવર કોડિ આવી મળે ॥ જન્મ મહોત્સવજી, કરવા મેરૂ ઉપર ચલે ॥ સોહમપતિજી, બહુ પરિવારે આવીયા ॥ માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા ૩

॥ ત્રુટક ॥

વધાવી બોલી હે રત્નકુખ, ધારિણી તુજ સુતતણો ॥ હું શક્ર સોહમ નામે કરશું, જન્મ ઉત્સુવ અતિ ઘણો ॥ કહિ જિન પ્રતિબિંબ થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી ॥ દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ॥ ૪ ॥

॥ ઢાળ ॥ પૂર્વલી ॥ મેરૂ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે ॥ શિલા ઉપરજી, સિંહાસન મન ઉલસે ॥ તિહા બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા ॥ હરિ ત્રેશઠજી, બીજા તિહાં આવી મળ્યા ॥ ૫ ॥

॥ ત્રુકટ. ॥

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના ॥ માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધુપ વળી બહુ ભાતિ-

ના ॥ અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે ॥ ખીરજલધિ ગંગ.નીર લાવો, ઝટિતી જીન મહોત્સવે ॥ ૬ ॥

॥ ઢાલ ॥ વિવાહલાની ॥

સુર સાંભળીને સંચરીઆ, માગધ વરદામે ચલીયા ॥ પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશ ભરાવે ॥ ૧ ॥ તીરથ ફળ ઔષધી લેતા, વળી ખીરસમુદ્રે જાતા ॥ જળ કળશા બહુલ ભરાવે, પુલ ચંગેરી થાળા લાવે ॥ ૨ ॥ સિંહાસન ચામર ધારી, ધુપધાણાં રકેબી સારી ॥ સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ ॥ ૩ ॥ તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે ॥ કળશાદિક સહુ તિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે. ॥ ૪ ॥

॥ ઢાળ ॥ રાગ ધન્યાશ્રી ॥

આતમભક્તિ મળ્યા કેઇ દેવા, કેતા મિત્તનું જાઇ ॥ નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઇ ॥ જોઇસ વ્યંતર ભુવનપતિના વૈમાનિક સુર આવે ॥ અચ્યુતપતિ, હુકમેધરી કળશા, અરિહાને નવરાવે ॥ અ૦ ॥ ૧ ॥ અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો ॥ ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેંગુણા કરી જાણો ॥ સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાના અધિકાર ॥ બાસઠ ઇંદ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર ॥ અ૦ ॥ ૨ ॥ ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિસેણી નરલોકો ॥ ગુરૂસ્થાનક સુર કેરો એકજ. સામાનિકનો એકો ॥ સોહમપતિ ઇશાનપતિની, ઇંદ્રાણીના સોલ ॥ અસુરની દસ ઇંદ્રાણી નાગની, બાર કરે

કલ્લોલ ॥ અ૦ ॥ ૩ ॥ જ્યોતિષ વ્યંતર ઈંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો ॥ કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો ॥ પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસે અભિષેકો ॥ ॥ ઇશાનઈંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો ॥ અ૦ ॥ ૪ ॥ તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે ॥ વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે ॥ પુષ્પાદિક પૂંજીને છાટે, કરી કેશર રંગ રોલે ॥ મંગળ દીવો આરતી કરતાં, સુરવર જયજય બોલે ॥ અ૦ ॥ ૫ ॥ ભેરી ભૂંગલ તાલ બજાવત, વળિયા જિન કર ધારી ॥ જનનીઘર માતાને સોંપી, એણિપરે વચન ઉચ્ચારી ॥ પુત્ર તુમારો સ્વામી હમારો, અમ સેવક આધાર ॥ પંચધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવ ણુહાર ॥ અ૦ ॥ ૬ ॥ બત્રીશ કોડિ કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે ॥ પૂરણ હર્ષ કરેવાકારણ, દ્વીપ નંદીસર જાવે ॥ કરીય અઠ્ઠાઇ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે ॥ દિક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે ॥ અ૦ ॥ ૭ ॥ તપગચ્છ ઇસર સિંહ સૂરીસર, કેરા શિષ્ય વડેરા ॥ સત્યવિજય પન્યાસતણે પદ, કર્પૂરવિજય ગંભીરા ॥ ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી સુભવિજય સવાયા ॥ પંડિત વિરવિજય શિષ્યે જિન, જન્મમહોત્સવ ગાયા ॥ અ૦ ॥ ૮ ॥ ઉત્કૃષ્ટા એકસોને સિતેર સંપ્રતિ વિચરે વીશ ॥ અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ ॥ સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઇ ॥ મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઇ ॥ અ૦ ॥ ૯ ॥ અહીં કળશાભિષેક કરીયે. પછી

દુધ, દહિ, ધૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પૂજા કરીએ ને ફુલ ચઢાવીએ. પછી લુણ ઉતારી આરતી ઉતારવી. પછી પ્રતિમાજીને આડો પડદો રાખી સ્નાત્રીઆએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા. પછી પડદો કાઢી નાંખી મંગળદીવો ઉતારવો.

॥ અથ લુણ ઉતારણું ॥

લૂણ ઉતારો જિનવર અંગે, નિર્મળ જળધારા મન રંગે ॥ લૂણ ॥ ૧ ॥ જીમ જીમ તડતડ લૂણજ ફુટે, તિમ તિમ અશુભ કર્મ બંધ ત્રુટે ॥ લૂણ ॥ ૨ ॥ નયણ સલૂણાં શ્રી જીનજીનાં, અનુપમ રૂપ દયારસ ભીનાં ॥ લૂણ ॥ ૩ ॥ રૂપ સલૂણું જિનજીનું દીસે, લાજ્યું લૂણ તે જળમાં પેસે ॥ લૂણ ॥ ૪ ॥ ત્રણ પ્રદક્ષિણા દેઈ જલધારા, જલણ ખેપવીએ લૂણ ઉદારા ॥ લૂણ ॥ ૫ ॥ જે જિન ઉપર દુમણો પ્રાણી, તે એમ થાજો લૂણ જ્યું પાણી, ॥ લૂણ૦ ॥ ૬ ॥ અગર કૃષ્ણાગરૂ કુંદરૂ સુગંધે, ધુપ કરીજે વિવિધ પ્રબંધે ॥ લૂણ- ॥ ૭ ॥ ઈતિ ॥

॥ અથ આરતિ. ॥

વિવિધ રત્નમણિ જડિત રચાવો, થાળ વિશાળ અનોપમ લાવો ॥ આરતિ ઉતારો પ્રભુજીની આગે, ભાવના ભાવી શિવસુખ માગે ॥ આ૦ ॥ ૧ ॥ સાત ચૌદને એકવીશ ભેવા, ત્રણ ત્રણ વાર પ્રદક્ષિણા દેવા ॥ આ૦ ૨ ॥ જિમ જિમ જલધારા દેઈ જંપે, તિમ તિમ દોહગ થરહર કંપે ॥ આ૦ ॥ ૩ ॥ બહુ ભવસંચિત પાપ પણાસે, દ્રવ્ય પૂ-

જાથી ભાવ ઉલ્લાસે ॥ આ૦ ॥ ૪ ॥ ચૌદ ભુવનમાં જિન-જીને તોલે, કોઈ નહીં આરતિ એમ બોલે ॥ આ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ મંગળદીવો. ॥

દીવો રે દીવો મંગળિક દીવો, ભુવન પ્રકાશક જિન ચિરંજીવો ॥ દી૦ ॥ ૧ ॥ ચંદ સૂરજ પ્રભુ તુમ મુખ કેરાં, લુંછણુ કરતા દે નિત્ય ફેરા ॥ દી૦ ॥ ૨ ॥ જિન તુજ આગળ સુરની અમરી, મંગલદીપ કરી દિયે ભમરી ॥ દી૦ ॥ ૩ ॥ જિમ જિમ ધુપઘટી પ્રગટાવે, તિમ તિમ ભવનાં દુરિત દઝાવે ॥ દી૦ ॥ ૪ ॥ નીર અક્ષત કુસુમાંજલિ ચંદન, ધુપદીપ ફલ નૈવેદ્ય વંદનં ॥ દી૦ ૫ ॥ એણીપેરે અષ્ટપ્રકારી કીજે, પૂજા સ્નાત્ર મહોત્સવ પભણીજે ॥ દી૦ ॥ ૬ ॥

॥ ઇતિ પંડિત શ્રી વિરવિજયજી

કૃત સ્નાત્રપૂજા સમાપ્ત.

જાહેર ખબર.

અમારી પાસેથી નીચેનાં પુસ્તકો મલશે ને સિવાય બીજાં જૈન ધર્મનાં પુસ્તકો મલશે.

પંચપ્રતિક્રમણ ગુજરાતી અર્થ સાથે.	
બે પ્રતિક્રમણ ,, અર્થ સાથે	
જીવવિચારાદિ ચાર પ્રકરણ અર્થ સાથે.	૦-૧
શ્રી જૈન સ્તોત્ર સંગ્રહ જૈન વાર્ષિક પર્વો સહિત	૨-૮
સામાયક સૂત્ર અથ સાથે	૦-૧૦-૦
દેવવંદનમાલા ગુજરાતી	૧-૪-૦
પૂજા સંગ્રહ ચાર ભાગ દરેક આચાર્યોની બનાવેલી પૂજાઓ. તથા શાંતીનાથના મોટા કલશ સહિત.	૨-૮-૦
દીવાલીકલ્પ ભાષાન્તર સહિત.	૦-૬-૦
પ્રાચીન સ્તવન સંગ્રહ શ.ઓ.	૮-૧૪-૦
પ્રાચીન સ્તવન સંગ્રહ ઘણા વિસ્તારવાલું હાલમાં નવું છપાયેલું ગુજરાતી.	૧-૪-૦
નીત્યસ્મરણ શેત્રુંજા પ્રકરણ.	૦-૨-૦
જીનશતક સંસ્કૃત.	૦-૧૨-૦
રત્નાકર પચીસી.	૦-
દેવસીરાઈ મૂલ ગુજરાતી મોટા અક્ષરવાલુ.	૦-૫-૦

નીચેના બન્ને ઠેકાણેથી ઉપરનાં જૈન ધર્મનાં પુસ્તકો મળશે.

શ્રી મુક્તિવિમલ જૈન પાઠશાળા. } **માસ્તર ઉમેદચંદ રાયચંદ**

ઠે હાજાપટેલની પોળમાં — મુકામ અમદાવાદ.

રામજીમંદીરની પોળ–અમદાવાદ. — ઠેકાણું પાંજરાપોળ.